Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૮૩ (ચાલુ) વીર સં. ૨૫૦૪
વિક્રમ સં. ૨૦૩૪ મહા

વાર્ષિક લવાજમ રૂા. ૭

## જીવનચરિત્ર—એક પ્રકારનું દર્પણ

“ જેમ અરીસામાં મનુષ્ય પોતાની મુખાકૃતિમાં ખાંપણ જુએ છે, ત્યારે તે ખાંપણને કાઢી નાખવા અને કાંતિમાં વધારો કરવા પ્રયત્ન કરે છે; તેમ ચરિત્રરૂપી આરસીવડે પોતાના સ્વભાવમાં વળગેલાં ભૂષણદૂષણ—ગુણદોષ વગેરે તેના જોવામાં આવે છે અને તેમ થતાં દૂષણનો ક્ષય અને ભૂષણમાં વૃદ્ધિ કરવાને તે જાગ્રત થાય છે. વળી જે કામ ઉપદેશ અથવા બોધ કરવાથી નથી બનતું તે કામ જીવનચરિત્ર સહેલાઈથી પાર પાડી શકે છે. અતિ શ્રમ લઈ વિદ્યા ભણો, દેશાટન કરો, સ્વદેશહિતેચ્છુ થાઓ, પ્રેમશૌર્ય દાખવો, એવા એવા ઉપદેશોથી જેવી અને જેટલી અસર થાય છે, તેના કરતાં એવા ગુણોથી અંકિત થએલાં અસામાન્ય માનવીઓનાં ચરિત્ર વાંચવા સમજવાથી ઘણી વધારે અસર થાય છે. અર્થાત્ તેના અંતઃકરણમાં તેની આબાદ અને ઊંડી છાપ પડે છે અને તેથી તે એવો દિવ્ય માનવી બનવાને ઉત્તેજિત થઈ આગળ વધે છે. ”

* * *

“ ચરિત્રોના વાચનથી આપણું ચૈતન્ય સતેજ થાય છે; આપણી આશામાં જીવન આવે છે; આપણામાં નવું કૌવત હિંમત અને શ્રદ્ધા આવે છે; આપણે આપણા ઉપર તેમજ બીજાઓ ઉપર શ્રદ્ધા રાખીએ છીએ; આપણામાં મહત્ત્વાકાંક્ષા જાગે છે; આપણે રૂડાં કાર્યોમાં જોડાઈએ છીએ અને મોટાઓનાં કામોમાં તેમની સાથે જોડાઈ ભાગીદાર થવાને ઉત્તેજાઈએ છીએ. આ પ્રમાણે ઉત્તમ જીવનચરિત્રોના સહવાસમાં રહેવું, જીવવું અને તેમના દાખલા દૃષ્ટાંત જોઈને સ્ફુર્તિમાન થવું, એ તે તે ઉત્તમ આત્માઓના સમાગમમાં આવવા બરાબર અને ઉત્તમ મંડળના સહવાસમાં રહેવા બરાબર છે. ”

* * *

“ ઉત્તમ ચરિત્રો તેના વાચકને બતાવી આપે છે કે, એક સામાન્ય મનુષ્ય પણ પોતાનું જીવન કેટલી હદ સુધી ઉત્તમ બનાવી શકે તથા કેવાં ઉચ્ચ કાર્ય કરી શકે અને જગતમાં કેટલી બધી સારી [illegible]ા ફેલાવી શકે. ”

* * *

“ મહાન સ્ત્રીપુરુષોનાં જીવનચરિત્રોનું ચિંતન કરાય છે ત્યારે આ વાત બરાબર સમજી શકાય છે [illegible] મહત્તાનો દરવાજો સર્વને માટે ઉઘાડો છે. ”

( ભીક્ષુ અખંડાનંદ )

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

પુસ્તક : ૭૫ ] ફેબ્રુઆરી : ૧૯૭૮ [ અંક : ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| સંસાર અને સુખ | ડૉ. ધીરજલાલ મુનિ | ૪૯ |
| શ્રી વિજયાનંદસૂરીશ્વરનો અમર કાવ્યદેહ | શ્રી મોતીચંદ ગીરધર કાપડીયા | ૫૦ |
| સંભૂતિવિજય અને સ્થૂલભદ્રજી | અધ્યાયી | ૫૫ |
| વાત્સલ્યઘેલી માતા | સુશીલ | ૫૯ |
| હાર્વર્ડ યુનીવર્સીટીનો પત્ર | | ૬૬ |
| સ્વ. માસ્તર શામજીભાઇની જીવન ઝરમર | | ૬૮ |
| સમાચાર | | ટા. ૪ |


આ સભાના નવા આજીવન સભ્ય

**શ્રી ગુણવંતરાય જાદવજીભાઈ શાહ ભાવનગર**

આ સભાના નવા માનવંતા પેટ્રન સાહેબ

**શ્રી સુધાકરભાઈ શીવજીભાઈ** મહુડાવાળા (હાલ **ભાવનગર**)

## આવતો અંક તા. ૧૬ એપ્રીલ

"આત્માનંદ પ્રકાશ"નો આવતો અંક ફાગણ-ચૈત્રના સંયુક્ત અંકરૂપે મહાવીર જન્મ-કલ્યાણક વિશેષાંક તરીકે પ્રગટ થશે. તો વિદ્વાન મુનિવર્યો તેમજ લેખકોને વિનંતી કે તેમના લેખ તા. ૩૧મી માર્ચ સુધીમાં મોકલી આપે.


રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) ફોર્મ-૪ નિયમ ૮ પ્રમાણે "આત્માનંદ પ્રકાશ" **સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.**


૧ પ્રસિદ્ધિ સ્થળ : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ-ભાવનગર
૨ પ્રસિદ્ધિ ક્રમ : દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ
૩ મુદ્રકનું નામ : શ્રી ગીરધરલાલ ફુલચંદ શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર
૪ પ્રકાશકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા વતી, શ્રી ગુલાબચંદ લલ્લુભાઇ શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ-ભાવનગર
૫ તંત્રીનું નામ : શ્રી ગુલાલચંદ લલ્લુભાઈ શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ-ભાવનગર
૬ સામયિકના માલિકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

આથી હું, ગુલાબચંદ લલ્લુભાઈ શાહ જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો અમારી જાણ તથા માન્યતા મુજબ બરોબર છે.

તા ૧૬-૨-૭૮ ગુલાબચંદ લલ્લુભાઇ શાહ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




• તંત્રી : શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ •

વર્ષ : ૭૫ | વિ. સં. ૨૦૩૪ મહા : ફેબ્રુઆરી ૧૯૭૮ | અંક : ૪

## સંસાર અને સુખ

રચયિતા :
ડા. ધીરજલાલ મુનિ
(અમરગઢ)

સંસાર શું છે? સુખ સાગર, દુઃખ દરિયો, માયા?
કહો, મિથ્યા મૃગજળ? કે તેમાં પ્રભુ સમાયા? ૧

કોઈને મરવું મઝધાર, કોઈને જાવું સામે પાર;
કોઈને કિનારો ભલો, કોઈને તેમાં કરવો વિહાર.
જલકમલવત્ ખાંડાધાર.
(કહો, શો હશે સંસારમાં સુખતણો સાર?).... ૨

અખંડના અંશ આપણે, સૃષ્ટિમાં સરકી પડ્યાં,
"અહં"તણા આભાસમાં, અખંડથી ભૂલા પડ્યાં;
"અહં"ની દોડ ઊંધી છે, "અહં?"ની યાત્રા તે સંસાર,
"આ હું, આ મારૂં, આ તારૂં"!.... ૩

મન તણી વાસના તન ભણી, તન તણી ધન ભણી,
સત્તા, સંપત્તિ, મોહ, મમતા, પ્રતિ દિન જાય વધતાં;
કોડ એનાં કદી ન શમતાં, પામતાં બધું છતાં
ના તૃપ્તિ, ના સંતોષ!
(તો પછી સંસારમાં સુખતણો સાર શું છે?).... ૪

જાગે, જુવે, ઓળખે, "અહં"ની ઊંધી દોડને,
વળે જો આતમ ભણી, ફરી પામે અંશ અખંડને;
બને જીવન જલકમલવત, ના "હું, મારૂં, તારૂં"
સમભાવથી સર્વમાં તેને નિહારૂં.... ૫

સંસાર છે સુખનો સાગર, જેણે આતમ સમરિયો,
નહીં તો દુઃખનો દરિયો, જેણે આતમ વિસરિયો.
સંસારમાં સુખ તણો આ સાર છે.... ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વિજયાનંદસૂરીશ્વરનો અમર કાવ્યદેહ

લેખક ; મોતીચંદ ગિરધરલાલ કાપડીયા

કવિત્વ જ્યારે એના પૂર જોમમાં જામેલું હોય છે ત્યારે એ મસ્ત થાય છે અને પછી એમાંથી જે શબ્દ–ચિત્ર પ્રકટ થાય છે તે પદ-લાલિત્યથી ભરપૂર હોય છે. એમાં શબ્દાલંકાર અને અર્થાલંકાર એવી સુંદર રીતે મઘમઘાયમાન થાય છે કે બોલનાર અને સાંભળનારનાં રોમરાય વિકાસ પામે છે, એની ઊર્મિઓ જાગૃત થાય છે અને એ અનિર્વાચ્ય સુખનો અનુભવ કરે છે. કવિત્વની પ્રસાદી એની હૃદયંગમતામાં છે, એની ભાષાવિશિષ્ટતામાં છે, એના રસમાધુર્યમાં છે, એની શ્રુતિપેશલતામાં છે, એની ઝમકમાં છે, એના પ્રવાહની છટામાં છે એવી કાવ્યપ્રસાદી જેને જન્મપ્રાપ્ય થઇ ગઇ હોય છે એનામાં નૈસર્ગિક મધુરતા અને કાવ્ય-ચમત્કૃતિ એવી સુકર અને સહજ થઇ જાય છે કે એનાં ગેય કવનો જ્યાં જ્યાં ગવાય છે ત્યાં ત્યાં રસની છોળો ઊડે છે અને આખા વાતાવરણમાં ઝોમ વ્યાપી જાય છે.

એવો રસસિદ્ધ નૈસર્ગિક કવિ જ્યારે સહૃદય હોય છે, જ્યારે એનો આત્મા અંદરથી જાગતો હોય છે, જ્યારે એની ભાષામાં કુદરતી સૌન્દર્ય હોય છે ત્યારે એ ઊર્મિઓને ઉછાળે છે અને ગાનાર તેમજ સાંભળનારને રસમાં લદબદ કરી મૂકે છે. મર્મસ્પર્શી કવનો સુંદર સંગીતના સાજ સાથે ગવાતાં હોય ત્યારે અંતરાત્મા અનેરો સ્વાદ અનુભવે છે, અને એક અતિ સુંદર પરિસ્થિતિ જામી જાય છે. એવાં શબ્દ-ચિત્રો એકલાં ગાવામાં આવે તો પણ દુનિયાની ઉપાધિને ભૂલી પ્રાણી રસમગ્ન થઈ જાય છે અને જાહેરમાં હારમોનિયમ, વાયોલીન, વીણા, સારંગી અને નરઘાંનો યોગ તેમાં ભળે ત્યારે એ કાનને મંત્રમુગ્ધ કરી નાખે છે.

એવા પ્રકારના ગેય કાવ્યની શબ્દ-ચમત્કૃતિનો સાક્ષાત્કાર કરવા માટે એક વિશેષણ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. શબ્દ–ચિત્ર જો સર્વ ગુણ-સંપન્ન કાવ્યમય હોય અને એમાં ભાવ હૃદયંગમ હોય તો એકવાર સાંભળ્યા પછી એ વારંવાર ગાવાનું કે સાંભળવાનું મન થાય છે અને જ્યારે જ્યારે અંતરાત્મા આનંદઊર્મિ અનુભવતો હોય ત્યારે તેના કાનમાં એનો ઝણઝણાટ થયા કરે છે, એ એવા ઊર્મિ–કવનને વારંવાર ગાયા કરે છે અને છતાં એ શબ્દ–ચિત્રના પુનરાવર્તનમાં એને વધારે ને વધારે મજા આવતી જાય છે.

પૂજ્યપાદ શ્રી આત્મારામજી મહારાજે જે કવનો ગુંથ્યાં છે તેમાંના ઘણાંખરાં આવા પ્રકારનાં છે. તમે એકવાર એને સાંભળ્યા હોય તો તમને તેમાં એવા પ્રકારનો રસ જામશે કે તમે એને વારંવાર ગાયા કરશો. જ્યારે તમે એકાંતમાં આનંદ લેતાં તે પદ્યોને સંભારશો ત્યારે તમને ખૂબ લહેર આપશે અને સાથે અંતરાત્મા, જાણે કોઇ અપૂર્વ ઉદાત્ત દશા અનુભવતો હોય એમ લાગશે.

આ હકીકતને અંગે એક બે દાખલાઓ લઇએ તે પહેલાં અત્ર સ્પષ્ટ કરવું યોગ્ય લાગે છે કે એમણે બનાવેલી પૂજાઓ અને સ્તવનોમાં આ ભાવવાહી શબ્દ–ચિત્ર જરૂર દેખાય છે. એમાં પણ પ્રત્યેક પૂજાની આંકણી (કોરસ)નાં પદો તો અનુપમ શબ્દચિત્ર છે. એમના ચરિત્ર પરથી જણાય છે કે એમણે સંગિતનો રીતસર અભ્યાસ કરેલ નહોતો, કોઇવખત આજુબાજુમાં સંગિતકાર ગાય તે પરથી મેળવેલું જ્ઞાન માત્ર એમને હતું; છતાં એમણે જે શબ્દચિત્ર આલેખ્યા છે તે વિચારતાં એમ લાગ્યા વગર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રહે તેમ નથી કે તેમનામાં નૈસર્ગિક કાવ્ય-શક્તિ હતી અને તે ઉપર ઉપરની નહિ પણ ખરેખરી રસસિદ્ધ ગેયશક્તિ હતી.

" તુમ ચિદ્દ્ઘન ચંદ આનંદલાલ
તોરે દરશનકી બલિહારી
લાલ તોરે દરશનકી બલિહારી. "

આ પદ દશ-વીશ વખત એની અસલ લે'માં ગવાય ત્યારે એની મજા ઓર છે, એમાં ભાવ ઓર છે, એની શાંતિ ઓર છે. એ ગાતાં અંતરાત્મા મહાન ઉદાત્ત ભાવના અનુભવે છે અને ધીમે ધીમે જાણે પોતે જ પ્રભુમય હોય એવી દશા અનુભવે છે. આવી રસસિદ્ધ કવિતા નૈસર્ગિક બક્ષીસ વગર નીકળતી નથી. એ આખા પૂજાપદમાં અનેરી સોરભ છે, વિશિષ્ટ આત્માવલોકન છે, અસાધારણ રસપુંજ છે. એમાં જ્યારે 'પુદ્દગલસંગ નિવારી' અને 'અલખનિરંજન જ્યોતિ સ્વરૂપી' એ પદો આવે છે ત્યારે અંદર એક જાતનો સ્વયંપ્રકાશ થાય છે અને અપૂર્વ શાંતિ જામે છે. તમે કોઇ વખત શૃંગારનાં કાવ્યોમાં મસ્ત થયા હશો, પણ આત્મસન્મુખ કાવ્ય શાંતરસની છણાવટ કરે ત્યારે જે સહજાનંદ પ્રાપ્ત થાય છે તેનો પ્રત્યક્ષ ચમત્કાર નીરખવો કે અનુભવવો હોય તો આવાં જ કાવ્યો તમને ડોલાવી શકે. મદમસ્ત મોહરાયની જાળ તો એવી ફેલાયેલી છે કે એ પોતાની જાળમાં સફળ રીતે પ્રાણીને પકડી શકે છે, પણ જિંદગીની જંજાળને વિસરી જઈ આત્મરમણતા કરાવે તેવાં કવનો બહુ અલ્પ છે, આત્મા ડોલાવે તેવાં કવનો તેથી પણ અલ્પ છે અને તેવાં પ્રકારનાં કવનો આ નૈસર્ગિક કવિનાં હોઇ ખાસ નોંધવા લાયક છે.

હવે તમે 'આઇ સુંદર નાર કર કર શૃંગાર' ગાઓ કે 'નાચત સુરવૃંદ છંદ, મંગલ ગુણકારી–નાચત સુર૦' ગાઓ. પ્રત્યેક પદ્ય તમારા હૃદયની અંદર ઊતરી જશે, વિશિષ્ટ દશાનો અનુભવ કરાવશે અને કાનમાં ગુંજારવ કરાવશે. આવા પ્રકારની ડોલનશક્તિ અને પ્રતિભા જે કવિમાં હોય તેને કયું સ્થાન ઘટે તે કહેવા કરતાં કલ્પી લેવું વધારે યોગ્ય થઇ પડશે.

'મેરે જિણંદકી ધૂપસેં પૂજા, કુમતિ-કુગંધી દૂર હરી રે'-આ કવનમાં એવી મજા છે કે એને પચાસ વાર ગાઓ તો પણ તમને તૃપ્તિ થાય નહિ અને દરેક વખતે તમારા અંતરમાં નવા નવા ભાવ પ્રકટે, ઉછળે અને તમને પ્રમોદ કરાવે. આનું નામ તે કાવ્ય. ખાલી જોડકણાં કરીને છેવટે પોતાના નામનો ઉલ્લેખ કરવો એમાં કવિતા નથી, ગેયતા નથી, માધુર્ય નથી, રસ નથી અને ઊર્મિનું સંચલન નથી.

એમના કાવ્યથી જો એમનો અંતરાત્મા ઓળખી શકાતો હોય તો એ અતિ ઉદાત્ત ભાવમાં સર્વદા મસ્ત રહેતો હશે એમ લાગ્યા વગર રહે તેમ નથી. વાણી અંતરદશાનો આવિર્ભાવ છે, શબ્દ-ચિત્ર અંતરાત્માનું પ્રદર્શન છે, અને પ્રાણીને સમજવા માટે એના હૃદયનો ફોટોગ્રાફ છે. આ રીતે શ્રી આત્મારામજી મહારાજને સમજવા માટે તેમનું એક કવન સુંદર પ્રસંગ પૂરો પાડે છે. તેઓશ્રી શત્રુંજય ગિરિ પર યાત્રા માટે પધાર્યા ત્યારે તેમણે ગિરિમંડન શ્રી આદિનાથ સન્મુખ ઊભા રહી એક સ્તવન-કવન ઉચ્ચાર્યું છે. એ પ્રથમથી બેસીને ઘડી રાખ્યું હોય તેવું નથી, પણ અંદરથી તે જ વખતે નીકળી ગયું હશે એમ જણાય છે. એમાં જાણે પોતે અને ભગવાન બે જ આત્માઓ દુનિયામાં હોઇ તેમ એકાગ્રતા કરીને તેમણે ભગવાન સાથે વાતો કરી છે, તેમાં તેમણે અંતરપ્રાણ રેડ્યા છે. એ કવનની આખી ભાષા કુદરતી, સાહજિક, મર્મગ્રાહી હોઈ તેઓશ્રીને યથાસ્વરૂપમાં બતાવે છે અને બહુ સંક્ષેપમાં એમની આખી જીવન-ભાવના વ્યક્ત કરે છે.

'મનરી બાતાં દાખાંજી મ્હારાજ હો, ઋષભજી
થાને મનરી બાતાં દાખાંજી મ્હારાજ'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવી રીત શરૂઆત કરી શ્રી આદિનાથ–ઋષભદેવ સન્મુખ મનની વાતો કરવા લાગી જાય છે. પછી પોતે કયાં કયાં રખડી–ભટકીને અહીં શાંતિ મેળવવા આવ્યા છે તેનો મુદ્દામ અહેવાલ આપે છે. જૈનધર્મ અને તત્ત્વરૂચિની પ્રાપ્તિ પોતાને થઇ એ જાણે મહાન સામ્રાજ્ય મળ્યું હોય એવી રીતે હકીકત રજુ કરી, પછી એક અતિ સુંદર કબૂલાત કરે છે. ભગવાનને કહે છે કે 'સાહેબ ! આમ મારા સર્વ કાર્ય સફળ તો થઈ ગયા. પણ મન–મર્કટ હજુ માનતો નથી, સમજાવ્યો સમજતો નથી અને જ્યાં ત્યાં દોડાદોડ કરી મૂકે છે,' એમણે એમાં ચાર અગત્યની વાતો કરી છે:–

૧. મન હજુ ઇંદ્રિયના વિષયો તરફ લાલચુ રહ્યા કરે છે.

૨. મન હજુ માયા–મમતા છોડતું નથી.

૩. જ્યારે મારો મહિમા થાય છે, મારી પૂજા થાય છે ત્યારે મનડાને એ વાત ગમે છે.

૪. હું નિર્ગુણી છું છતાં જાણે ગુણવાન હોઉં એવી વાત એ સાંભળે છે ત્યારે એ રાજી થાય છે.

આવી રીતે મન–મર્કટ પોતાની ચપળતા છોડતું નથી એવી ફરિયાદ કરે છે. પોતે મહિમા–પૂજાને યોગ્ય હતા એ નિર્વિવાદ વાત છે, છતાં એ મહિમા–પૂજાને કઇ નજરે જોતા હતા એ ખાસ નોંધવા જેવું છે. એમને હૃદયથી એનો ત્રાસ હતો, એ પોતાની જાતને એવી મહિમા–પૂજાને યોગ્ય થવાની ફિકરમાં જ રહેતા હતા. ગુણપ્રાપ્તિ અને ગુણવત્વની આ અચૂક નિશાની છે. પોતાની લઘુતા વિચારનાર જ ગુણપ્રાપ્તિમાં પ્રગતિ કરી શકે છે. એટલે છેવટે ભગવાનને વિજ્ઞપ્તિ કરે છે કે–' સાહેબ ! મન વાંદરું પોતાને ઘેર આવે, એવું શીખવો. અત્યારે એ પરભાવમાં રમણ કરી રહ્યું છે, એને હજુ બાહ્યાડંબરમાં મજા આવે છે, એને હજુ માન ગમે છે, એને બદલે એ સમતારંગે રંગાઈ જાય અને એ પરભાવ છોડી સ્વભાવમાં આવે એવું આપ કરી આપો.'

આ આત્માનુભવ કોને થાય ? આ વિમલા આત્મદશા કયો આત્મા અનુભવે ? અનુભવી યોગી આનંદઘનજીએ કહેલ છે કે–' મનડું કિમ હી ન બાઝે, હો કુંથુજિન મનડું કિમ હી ન બાઝે.' અને છેવટે પોતાનું મન વશ આવે એવી માગણી કરી; તેને મળતી આ દશા છે. એ દશા સામાન્ય રીતે બહુ અગમ્ય છે, સાધારણ રીતે એ દશાની વાતો સુઝે છે પણ એને માટે ચિંતા બહુ ઓછાને થાય છે. અપૂર્વ ગેયતા સાથે આ હૃદયનો ભાવ જે મહાન વિભૂતિને થાય તેની અંતરદશા કેવી વર્તતી હશે તેનો સહજ ખ્યાલ આવે તેમ છે. ત્યાં ભગવાનને કહે છે કે–' સાહેબ ! હું છઠ્ઠી વાર તમારી પાસે આવ્યો છું અને તમે દુનિયામાં કરુણાસમુદ્રનું બિરુદ પ્રાપ્ત કર્યું છે તો મારી તો એક નાની સરખી જ માગણી છે. આટલી તો જરૂર આપો.' અને પછી મનને ' નિજ ઘર ' આવવાની–લઈ આવવાની નાનકડી (?) માગણી કરે છે. એ નથી માગતા સારી ભિક્ષા કે નથી માગતા સ્વર્ગનાં સુખ; નથી માગતા રાજ્યવૈભવ કે નથી માગતા શારીરિક સુખાકારી; એ નથી માગતા મોટાં સામૈયાં કે નથી માગતા લબ્ધિસિદ્ધિ. પોતે હૃદયની મુંઝવણ ભગવાન પાસે રજુ કરે છે અને સાવ સાદી પણ ઉચ્ચગ્રાહી માગણી રજુ કરે છે અને તે દ્વારા આડકતરી રીતે પોતાનો અંતરાત્મા કેવા આદર્શો સેવી રહ્યો છે તે વ્યક્ત કરે છે.

આ રહ્યાં એમાંના થોડાં કવનો :—

મનરી બાતાં દાખાં જી મ્હારા રાજ હો,
રિખભજી થાને, મનરી બાતાં દાખાં જી;
કુમતિના ભરમાયા જી મ્હારા રાજ રે,
કાંઈ વ્યવહાર કુળ મેં,
કાલ અનંત ગમાયા જી મ્હારા રાજ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સઘળાં કાજ સરાયાં જી મ્હારા રાજ,
મનડો મરકટ સમજે નહિ સમજાયા જી
મ્હારા રાજ.

કુવિષયાસંગ ધાવે જી મ્હારા રાજ હો,
મમતા માયા સાથે નાચ નચાવે જી
મ્હારા રાજ.

મહિમા પૂજા દેખી મન ભરમાવે જી મ્હારા,
નિરગુણીઆને ગુણીજન જગમેં કહાવે જી
મ્હારા રાજ.

છઠ્ઠી વારે તુમચેં દ્વારે આયા જી મ્હારા,
કરુણાસિંધુ જગમેં નામ ધરાયા જી મ્હારા રાજ.
મન-મરકટકું શિખો નિજ ઘર આવે જી મ્હારા,
સઘળી વાતે સમતા રંગ રંગાવે જી મ્હારા રાજ.
અનુભવ રંગ રંગિલા સમતા સંગી જી મ્હારા,
આતમ તાજા અનુભવ રાજા રંગી જી મ્હારા રાજ.

આ પદ્યમાં આખું હૃદય ગાન કરી રહ્યું છે.

આ પ્રસંગે એમના થોડાં અન્ય કવનો પણ વિચારી જઈએ, એથી હૃદયની પ્રતિભા માલૂમ પડશે. અંગ્રેજી વાજાની ચાલમાં ગાય છે કેઃ—

આનંદ કંદ પૂજતાં, જિનંદચંદ હું,
મોતી જ્યોતિ લાલ હીર, હંસ અંક જ્યું;
કુંડલુ સુધાર કરણુ મુકુટ ધાર તું.
આનંદ૦

સુરચંદ કુંડલે શોભિત કાન હું;
અંગદ કંઠ કંઠલો મુનીંદ તાર તું.
આનંદ૦

આખું પદ્ય જ્યારે તાલ સૂર સાથે ગાવામાં આવે છે ત્યારે હૃદયમાં એના થણુકા પડે છે, કાનો ઊંચા થાય છે અને ચિત્તવૃત્તિ અનન્યાનંદ અનુભવે છે.

એક પ્રસંગે ઉસ્તાદ ગવૈયા પાસે કવિવરનો 'પીલુ' સાંભળ્યો.

મેરે જિનંદ કી ધૂપસેં પૂજા,
કુમતિ-કુગંધી દૂર હરી રે–મેરે જિનંદ કી૦

પછી લય આગળ ચાલ્યોઃ—

રોગ હરે કરે જિનગુણ ગંધી.
દેહ જંજિર કુગુરૂ કી બંધી,
નિર્મળ ભાવ ધરે જગધંદિ,
મુજે ઊતારો પાર મેરા કિરતાર;
કે અઘ સબ દૂર કરી રી. મેરે જિનંદ કી૦

આ હૃદયગાન હજુ પણ વિસરાતું નથી. એમના 'જિનગુણ ગાવત સુરસુંદરી'ના શ્રીરાગમાં શૃંગાર અને શાંતરસની એવી અદ્‌ભુત મીલાવટ છે કે એ ગાતાં કે સાંભળતાં અંતરાત્મામાં રસનાં ટપકાં પડે છે. તેઓશ્રીનું પ્રત્યેક પદ્ય ખૂબ રહસ્યમય હોય છે અને અંતરના ઉંડાણમાંથી નીકળેલ હોઈ તલસ્પર્શી હોય છે. પ્રત્યેક કાવ્યની શરૂઆત કાવ્યમય ભાવભરી હોવા ઉપરાંત એના અંતમાં આત્મા અને અનુભવની વાત એવી વેધક રીતે મૂકેલી મળી આવે છે કે વર્ષો પછી એનાં શ્રવણ, ચિંતવનમાં નૂતન નૂતન માર્મિકતા અને રમણીયતા અંદરથી ઝળકયાં જ કરે છે. એની જેટલી મજા જાહેર પૂજન કે અન્ય જલસામાં આવે છે તેટલી જ એકલા એકલા એને ગાયા કરવામાં પણ આવે છે. અને એક વારનું એનું શ્રવણ કાનમાં વારંવાર ગુંજારવ કર્યા કરે છે.

કવિત્વની ધૂન તેઓશ્રીના દરેક પદ્યમાં દેખાયા વગર રહે તેમ નથી. વીશસ્થાનકમાં 'ક્રિયા' પર વિવેચન કરતાં માઢ રાગમાં :—

'થારી ગઈ રે અનાદિની નિંદ,
જરા ટુક જોવો તો સહી;
જોવો તો સહી,
મેરા ચેતન જોવો તો સહી. થારી૦

પછી એવી મસ્તી જમાવી છે કે તે પદ્યમાં જ્ઞાન અને ક્રિયાનો બરાબર સહયોગ સાધ્યો છે અને છતાં અતિ વિશિષ્ટ ગૌરવ જાળવી રાખવા સાથે ક્રિયાને સમુચિત સ્થાન જ આપવામાં આવ્યું છે. એ આખા પદ્યનું ગેયસ્થાન અતિ ઉચ્ચ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે અને ભાવ અપ્રતિમ છે. બાકી તો એમની હુમરી જોઇએ કે ખમાચ જોઇએ, ધ્રુપદ જોઇએ કે જોગીઓ રાગ જોઇએ-સર્વત્ર અલંકાર અને વિશિષ્ટ તત્ત્વ ઝળકી રહે છે.

એક છેવટનો દાખલો આપી આ વિવેચન પૂર્ણ કરીએ. એક અતિ મધુર સિદ્ધાચલમંડન આદિનાથનું સ્તવન બનાવી કવિવરે હાથ ધોઈ નાખ્યા છે. મરાઠી ચાલમાં એ અતિ અદ્દ્ભુત ગેય વસ્તુ કાવ્ય ચમત્કૃતિનો નમૂનો છે.

'ઋષભ જિનંદ વિમલગિરિમંડન,
મંડન ધર્મ-ધુરા કહીએ; તું અકલ સરૂપી,
જારકે કરમ ભરમ નિજ ગુણ લહીએ. ઋષભ૦ ૧
અજર અમર પ્રભુ અલખનિરંજન,
ભંજન સમર સમર કહીએ; તું અદ્દ્ભુત યોદ્ધા,
મારકે કરમ ધાર જગ જસ લહીએ. ઋષભ૦ ૨
અવ્યય વિભુ ઇશ જગરંજન,
રૂપરેખ વિન તું કહીએ; શિવ અચર અનંગી,
તારકે જગજન નિજ સત્તા લહીએ. ઋષભ૦ ૩

ત્યારપછી ભગવાનને ભક્તિપૂર્વક આકરો ટોણો માર્યો છે :—

શતસુત માતા સુતા સુહંકર,
જગત્ જયંકર તું કહીએ; નિજ જન સબ તાર્યે,
હમોંસે અંતર રખના ના ચહીએ. ઋષભ૦ ૪

અરે સાહેબ! તમારા સો દીકરાને તાર્યા, તમારી માતા ને પુત્રીઓને તારી, જગતમાં જે કોઈ આપનાં 'નિજ જન' થયાં એ સર્વને તાર્યાં અને અમારો આંતરો રાખવો આપને ઘટે ? આ અલંકાર છે, એ વાકયમાં શબ્દાલંકાર તેમજ અર્થાલંકારો છે. એ આખા લયની પરાકાષ્ઠા છેવટે આવે છે :-

'આતમ ઘટમેં ખોજ પિયા રે,
બાહ્ય ભટકતો ના રહીએ;
તું અજ અવિનાશી ધાર નિજરૂપ,
આનંદઘન રસ લહીએ' ઋષભ૦ ૧૨

આખા અધ્યાત્મ અને યોગશાસ્ત્રનો આ વાકયમાં સાર છે, એમાં વિશિષ્ટ ભવ્યતા છે, આંતર યોગ છે, નૈસર્ગિક સરળતા છે અને છેલ્લા મહાન યોગી (આનંદઘન)ના નામનું આડકતરૂં સ્મરણ છે. આ પદ્યના ઉચ્ચભાવ ઉપરાંત એના પ્રત્યેક પદમાં કાવ્ય છે, રસ છે, અલંકાર છે અને સ્થાયી ભાવોનું સામ્રાજ્ય છે. અને ત્યાર પછી પ્રથમ જિનેશ્વરને 'આત્માનંદી'નું અત્યંત ઉપયુક્ત વિશેષણ આપતાં લઘુલાઘવી કળાથી પોતાના બન્ને નામ જણાવી દીધા છે અને પછી 'સિદ્ધાચળરાજા' ઉદ્દેશીને આનંદરસનું પાન કર્યું-કરાવ્યું છે.

જે થોડાં પદ્યો તેમના બહાર પડેલાં સાંપડે છે તે વિચારતાં તેમનામાં અસાધારણ વાકય-રચનાશક્તિ, મધુરતા અને સાહજિકતા પ્રાપ્ત થાય છે. તેમાં કુદરતની સરળતા અને મધુર ઉન્માદ દેખા દે છે અને આંતરવેદના તથા સાધ્ય-સામિપ્યતા તરવરી રહે છે. એમણે એક પણ સ્થાને રસની ક્ષતિ થવા દીધી નથી, લઘુપાર્થિવતા આવવા દીધી નથી, અધોગામિત્વ આવવા દીધું નથી.

નૈસર્ગિક કવિ જ્યારે સહૃદય હોય ત્યારે એની પ્રતિભા કેવું કામ કરે છે એની આ તો માત્ર વાનકી છે. બાકી એમનાં પ્રત્યેક કવનો, શબ્દ ચિત્ર અને અંતરોદ્દ્ગારના નમૂના છે. ભાવથી ભરેલાં છે પ્રેરણાથી આળેખાયેલાં છે, શાંતિથી છવાયેલાં છે, ઊંડાણમાંથી નીકળેલાં છે અને આત્મિક પ્રગતિનાં દર્શક છે એ રસસિદ્ધ કવિની પ્રત્યેક કૃતિ વિસ્તારથી ઉલ્લેખ અને ચર્ચા માગે છે. એ પ્રત્યેક ભાવવાહી કૃતિઓ એકવાર વાંચી સાંભળીને દૂર કરી નાખવા યોગ્ય નથી. એનું સાહિત્યમાં અમર સ્થાન છે અને એને વિશેષ અપનાવવામાં સ્વપરહિત રહેલું છે.

'સાહિત્ય' શબ્દ સંકુચિત અર્થમાં કાવ્યની વૈજ્ઞાનિક ચર્ચા કરે છે. એવા પ્રકારની સાહિત્યકીય ચર્ચા આચાર્યશ્રીના કાવ્ય સાહિત્યની થાય તો એના પ્રત્યેક અંગ ઉપાંગમાં એવી ઉચ્ચ શ્રેષ્ઠતા નિઃશંકપણે પ્રકટે તેમ છે. એમનો કાવ્યદેહ અમર તપો!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંભૂતિવિજય અને સ્થૂલભદ્રજી

## આત્માના માનસિક કરણો—

(અધ્યાયી)

**વેશ્યાગૃહે ચાતુર્માસ નિર્ગમવા માટે ગુરુ પાસેથી જૈન મુનિએ મેળવેલી મંજુરી :**

સંભૂતિવિજય :—ભદ્ર ! આ વર્ષાઋતુના ચાતુર્માસ નિર્ગમવા માટે તમે છેવટે કયું સ્થળ નક્કી કર્યું ? અન્ય સર્વ મુનિઓએ પોત પોતાનાં સ્થળ નીર્ણિત કર્યાં છે, અને તે મારી સંમતિની કસોટીએ ચડીને સુનિશ્ચિત પણ થઇ ચૂકયાં છે. કાલનાં પ્રભાતે આપણે સર્વેએ છૂટા પડવાનું છે, કેમકે વર્ષાના પૂર્વચિહ્નો હવે આકાશપટ ઉપર તરવા લાગ્યાં છે. નિર્ણય માટે હવે અધિક કાળક્ષેપનો અવકાશ નથી.

સ્થૂલભદ્ર—કૃપાનાથ ! હું પણ દીર્ઘકાળથી એ જ ચિંતનમાં છું; પરંતુ મારા હૃદયનું જે દિશામાં ખેંચાણ છે, ત્યાં નિવસવામાં એક મોટી ખટક નડ્યાં કરે છે. તે ખટકને હૃદયમાંથી ખેંચી કાઢવા મથતાં, તે હાથમાંથી લપસી જાય છે,–કોઇ નિશ્ચય ઉપર આવી શકાતું નથી.

સંભૂતિવિજય–તાત ! તારા વિશુદ્ધ હૃદયમાં એક પણ આત્મપ્રતિબંધક ભાવ હોય, એવી શંકા રાખીશ નહીં. તારૂં આત્મનિદાન હું બહુ સંભાળપૂર્વક કરતો આવ્યો છું. તારા જીગરમાં હવે કાંટાવાળા વૃક્ષ ઉગતાં ઘણા સમયથી બંધ પડ્યાં છે; ત્યાં કલ્પવૃક્ષોનું રમણીય ઉપવન જ વિરાજે છે છતાં હૃદયમાં કોઈ ખટક અનુભવાતી હોય તો તેમાં કોઇ મહાભાગ્ય આત્માનો અપૂર્વ હિતનો સંકેત જ સંભવે છે. સ્વાર્પણમય હૃદયની ખટક એ ખટક નથી, પણ કોઇ ભવ્ય જીવના અપૂર્વ અદૃષ્ટ વિશેષના પ્રકંપનો પ્રતિધ્વનિ છે. તાત ! તને શું ખુંચે છે ?

સ્થૂલભદ્રજી—પ્રભો ! આપ ધારો છો તેટલો હું સ્વાર્થહીન નથી; અને મને જે કાંઇ ખુંચે છે, તે પણ એ સ્વાર્થનો કાંટો જ. જ્યાં દીલનું ખેંચાણ થાય, ત્યાં શું સ્વાર્થની દુર્ગંધ ન સંભવે ?

સંભૂતિવિજય–ભદ્ર ! સ્વાર્થ અને પરાર્થની પ્રાકૃત વ્યાખ્યાઓ તારા આત્માની આ ભૂમિકાએ હવે બદલાઈ જવા યોગ્ય છે. એ જુની ચીલો હવે ફેંકી દે. ચિત્તના જે અંશમાંથી પરાર્થ જન્મે છે, તે જ અંશમાંથી સ્વાર્થ પણ જન્મે છે;–ઉભય એક જ ઘરનાં છે.

સ્થૂલભદ્રજી— કોઇ દિવસ નહીં સાંભળેલી વાણી આજે આપના મુખમાંથી સ્રવે છે. આજે હંમેશ કરતાં કાંઇ વિપરીત જ કહેતા હો એમ મને ભાસે છે. શું સ્વાર્થ અને પરાર્થ, ચિત્તના એક જ અંશમાંથી જન્મે છે ? એ તો નવું જ સાંભળ્યું !

સંભૂતિવિજય–અધિકારના ફેર સાથે વસ્તુની વ્યાખ્યા પણ ફરતી ચાલે છે. આત્માના જે અધિકારમાં સ્વાર્થ અને પરાર્થને પરસ્પરમાં વૈરી તરીકે ઓળખાવવા જોઇએ, તે અધિકાર તું ઘણા કાળથી ઓળંગી ગયો છે. હવે ઉભય તારે માટે અર્થહીન છે. એ દ્વંદ્વ હવે તને સ્પર્શી શકે તેમ નથી.

સ્થૂલભદ્રજી–એ દ્વંદ્વ કયાં સુધી સંભવે ?

સંભૂતિવિજય—જ્યાં સુધી આત્મા યાચે છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યાં સુધી. તે યાચતો બંધ થાય-સર્વને આપનો જ રહે, પોતાને માટે કશું જ નહીં-જેને જે જોઇએ તે તેની પાસેથી લે-અને આપવાના અભિમાન રહિત તે અર્પતો ચાલે, ત્યારે સ્વાર્થ અને પરાર્થની, બાળકો માટે બાંધેલી મર્યાદાઓ તૂટી પડે છે, અને સ્વાર્પણમયતાના અનંત અવકાશમાં આત્મા વિહરે છે. ભદ્ર! તું પણ એ જ પ્રદેશનો વિહારી છો.

સ્થૂલભદ્રજી—દીલનું ખેંચાણ સ્વાર્થ વિના કેવી રીતે સંભવે, એ જ મને ખુંચ્યા કરે છે. તે આકર્ષણને હું ઠેલી શકતો નથી; તેમ ત્યાં જવામાં કલ્યાણનું એક નિમિત્ત જોવામાં આવતું નથી. જુના દુશ્મનો મને પોકારતા જણાય છે.

સંભૂતિવિજય—તાત! તારી સર્વ વાત હું સમજી ગયો, પણ તારૂં દીલ ત્યાં યાચવા જતું નથી, માત્ર અર્પવા જ જાય છે; એમ તને શું નથી લાગતું ?

સ્થૂલભદ્રજી—જ્યારે હું તાજા લોહીનો શિકારી હતો, બાળાંઓના યૌવનરસનો તરસ્યો હતો, અને વિષયના ઘુંટડાને પ્રેમામૃત માની માનીને પીતો હતો, તે વખતે મારા ઉપર સ્થૂલ પરંતુ અચળપણે આસક્તિ રાખનારી કોશાના ગૃહમાં આ ચાતુર્માસ વિતાવવા મારૂં દીલ આકર્ષાય છે. એ જુના કાળની સૌન્દર્યલિપ્સા તો હવે ક્ષય પામી છે, પરંતુ એક કાળે મને ઇન્દ્રિયજન્ય આનંદ આપનાર અને વિષયસુખની પરિસીમા અનુભવાવનાર તે અજ્ઞાન બાળાને તેના પ્રેમનો બદલો આપવા હું ઉત્સુક છું. હું ત્યાં યાચવા નથી જતો, પરંતુ અર્પવા જ જાઉં છું, તે સત્ય છે. તથાપિ તે અર્પણ, પૂર્વની સ્થૂલ પ્રીતિના ઉત્તરરૂપ હોવાથી ત્યાં પણ સ્વાર્થની બદબો મને જણાય છે. જગત કોશા જેવી અનેક સ્ત્રીઓથી ભરેલું છે; તે સર્વના ઉપર અનુગ્રહ કરવા માટે આ દીલ આકર્ષાતું નથી અને માત્ર કોશા ઉપર જ ખેંચાય છે, તે શું મારી સ્વાર્પણમયતાની અલ્પ મર્યાદાને નથી સૂચવતું ?

સંભૂતિવિજય—ભદ્ર! વીર્યવાન્ આત્માઓ જે સ્થાનમાં એક વખત પરાજય પામે છે, વિષયના કીચડમાં ગરકી જાય છે, તે જ સ્થાનમાં વિજય મેળવવાની આકાંક્ષાવાળા હોય છે, અને જ્યાં સુધી યાચવાની દરેક અભિલાષાનો પરાભવ કરવા જેટલું પરાક્રમ મેળવી યાચવાનાં ભારેમાં ભારે ખેંચાણનાં સ્થળ ઉપર પણ અર્પવા તત્પર ન થાય; ત્યાં સુધી તે આત્મા નિર્બળ અને સત્ત્વહીન ગણવા યોગ્ય છે. કોશાને ત્યાં ચાતુર્માસ કરવાના તારા દીલના ખેંચાણને 'સ્વાર્થ'ની સંજ્ઞા ઘટતી નથી. યાચવાના ઉત્કૃષ્ટ ખેચાણવાળા સ્થળ ઉપર અર્પવાની કસોટીએ ચઢવાને તત્પર થએલા તારા આત્માનો એ તનમનાટ છે. તારા જેવાએ હવે કશો ડર રાખવો યોગ્ય નથી, યાચવાની તારી પાત્રતા એ હવે જુનો ઇતિહાસ થઈ ગયો છે.

સ્થૂલભદ્રજી—પણ મુનિને વેશ્યાના ગૃહમાં ચાતુર્માસ ઘટે?

સંભૂતિવિજય-જે મુનિ યાચવાને પાત્ર છે, તેણે તેવા ખેચાણથી ભાગતા ફરવાની જરૂર છે; અને તેટલા જ માટે તારા સહયોગી મુનિઓને જે સ્થાનમાં તેવા ખેંચાણનો લેશ પણ સંભવ ન હોય ત્યાં મોકલ્યા છે પરંતુ જેને આપવાનું જ છે, લેવાનું કાંઈ નથી, પોતાને માટે કશું જ રાખવું નથી, તેણે તો યાચવાના ખેંચાણવાળા પ્રદેશમાં વિજય મેળવી જગત્ ઉપર અયાચકતાનું દૃષ્ટાંત બેસાડવાની જરૂર છે. તાત! તારા જેવાએ તો તારી પાસે જે કાંઈ છે, તેને વસ્તીમાં છુટે હાથે વેરતા ચાલવાની જરૂર છે. જગતને તારા જેવાની પાસેથી બહુ શિખવાનું અને લેવાનું છે. જ્યારે આત્મા લેતો બંધ થાય છે, કશું ઈચ્છતો નથી, ત્યારે તેના આત્મભંડારો અમૂલ્ય રત્નોથી ઉભરાવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાગે છે; અને તે રત્નો જગત્ છુટે હાથે લૂંટે–જેને જે જોઇએ તે ગમે તેટલું લે-તે માટે તેણે જગતના ખેંચાણના મધ્યબિન્દુમાં શિખર ઉપર ઉભા રહેવાની અગત્ય છે. યાચવાને નિતાંત અપાત્ર થએલા બલિષ્ટ આત્માઓ બહુ જ અલ્પ હોય છે; તેથી શાસ્ત્રકારોએ યાચવાના ખેંચાણવાળાં સ્થાનોથી નાશી છુટીને ગુફાઓમાં કલ્યાણ સાધવાની અગત્ય બતાવી છે. તે વિધાનો તારા જેવા વીર્યવાન્ પુરૂષો માટે નિર્માયેલાં નથી.

સ્થૂલભદ્રજી—પ્રભો ! પણ મને લાગે છે કે, માત્ર દૃષ્ટાંત બેસાડવા માટે જ મુનિના આચારની શિષ્ટ પ્રણાલીનો લોપ કરવો વ્યાજબી નથી.

સંભૂતિવિજય—તાત ! પૂર્વનો ઇતિહાસ સ્મૃતિમાં લાવ. કુદરત કોઈ પણ આકસ્મિક આંચકાને સહન કરી શકતી જ નથી. શૃંગારમાંથી વૈરાગ્યમાં અને વૈરાગ્યમાંથી શૃંગારમાં ગતિનો ક્રમ એકાએક કદી હોતો નથી. એક સ્થિતિમાંથી અન્ય સ્થિતિમાં ગતિ કરવાનો નિયમ ક્રમિક (evolutionary) હોય છે. કશું એકાએક અને આંચકાથી બનતું નથી. કદિ બને તો તે ક્ષણિક અને અસ્થાયી હોય છે. ત્યજેલા વિષયની શક્તિ, અનુકૂળ નિમિત્તના પ્રસંગે સહસ્રગુણા અધિક બળથી સતાવે છે; અને છેવટે આત્માને મૂળ સ્થિતિમાં ઘસડી જાય છે. કોઇ પણ વિષય પ્રત્યેની અનાસક્તિ તેની અતિતૃપ્તિમાંથી ઉદ્ભવતી નથી; તૃપ્તિ માત્ર તે તે વિષયને પોષણ જ આપે છે. ભદ્ર ! તું શૃંગારમાં ઉછરેલો છે, શૃંગારનો તું એક કાળે કીડો હતો; અને એક જ ક્ષણમાં તું શૃંગારમાંથી વિરાગમાં પ્રવેશ્યો હતો. આ આંચકો કુદરત કેમ સાંખી શકે ? કુદરતની સરણી ઉપર ધીમા ચાલવાથી જ બચાય છે; ઉતાવળા ચાલવાથી લપસી જવાય છે, અને કૂદકો મારતા પગ ભાંગી જાય છે. તેં પગ ભાંગી બેસવા જેવું જ સાહસ કર્યું હતું. પણ તારો પુરૂષાર્થ અને પૂર્વકર્મ અપવાદરૂપ હતાં, એટલે તું બચી ગયો છે. તારા સ્થાને બીજો સામાન્ય મનુષ્ય હોત તો, તે પૂર્વના વિષયના વમળમાં પાછો કયારનોએ તણાયો હોત. પરંતુ તું ગમે તેટલો પુરૂષાર્થ અને સવીર્ય છે, તો પણ કુદરત છેવટે નાનામાં નાનો પણ બદલો લીધા વિના તને છોડશે નહીં. જ્યાં સુધી તું કોશાનાં દર્શન નહીં કરે, તારા પૂર્વના વિલાસ-સ્થળો ઉપર દૃષ્ટિ નહીં ફેરવે ત્યાં સુધી તારો આત્મા જંપશે નહી; કેમકે હજી એ સંસ્કારોને તું છેક જ ભુંસીને નથી આવ્યો. વિરાગ ઉત્પન્ન થયા પછી ત્યાં અલ્પકાળ રહીને–પ્રબળ નિમિત્તોની કસોટીએ ચડીને અને તે પૂર્વ સંસ્કારોને ભુંસીને જો આવ્યો હોત તો આ ખેંચાણ ન હોત. પરંતુ તું છેક જ ભાગી છુટ્યો હતો; તારો અત્યારનો આત્મપ્રભાવ તો તે આ આશ્રમમાં આવીને પ્રાપ્ત કર્યો છે; એટલે કોશા તરફનું ખેંચાણ નિવૃત્ત થવું અશક્ય છે, પરંતુ પુર્વના સ્નેહસ્થાનોના ખેંચાણમાં પણ સ્વાર્પણમયતાપૂર્વક યોજાવું, તે યોગ કોઈક જ મહાભાગ આત્માઓને બની આવે છે. મુનિના શિષ્ટાચારનો ધ્વંસ થવાનો ભય તું રાખીશ નહીં અને સત્વર ત્યાં ભણી વિહારનો પ્રબંધ કર.

સ્થૂલભદ્રજી–પણ અધિક પુરૂષાર્થને સ્ફુરાવી મુનિના શિષ્ટાચારને વળગી રહેવા પ્રયત્ન કરૂં તેમાં શું અયોગ્ય ?

સંભૂતિવિજય–ભદ્ર ! મારો કથિતાશય હજી તું સમજ્યો નહિ. શિષ્ટાચારને વળગી રહેવાની અગત્ય, જ્યાં સુધી આત્મા અર્પવાને તૈયાર નથી, ત્યાં સુધી જ છે. જેઓ અર્પવા જતાં ઉલટા લૂંટવા તૈયાર થઇ જવાને પાત્ર છે, જેઓ ગંગામાં પાપ ધોવા જતાં ત્યાં માછલા મારવા બેસી જાય છે, તેમને માટે જ તે આચારપદ્ધતિનું વિધાન છે. જેઓ તે સ્થિતિને ઓળંગી ગયા છે તેમણે તો જગતનાં જોખમવાળા સ્થાન ઉપર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવી પોતાના બંધુઓને સ્વાર્પણમયતાનું દર્શન કરાવવાનું છે. અન્ય મુનિઓને તેવાં સ્થાને જવાની મનાઇ કરવામાં આવી છે. તેમાં એ જ હેતું છે કે, તેઓએ યાચવાની પાત્રતાને છુપાવી રાખી હોય છે. અનુકૂળ પ્રસંગે ભીખારી બની જઇ હાથ લંબાવે છે. વખતે લૂટવા પણ ચૂકતા નથી. પણ જેઓ યાચવાના આકર્ષણવાળા સ્થાનમાં યાચતા નથી અને ઉલટા આપે છે, તેઓ ઉગ્રવિહારીઓ કરતાં, અનંતગુણા ચઢીયાતા છે. જેઓ જગતની મધ્યમાં ઊભા રહી, જગતના જેવા ન બનતાં તેમની પાસેથી કશું ન યાચતાં, પોતાની પાસે હોય તે ઉત્તમમાં ઉત્તમ સામગ્રી અર્પી દે છે, તે જ જગતનું વાસ્તવિક કલ્યાણ સાધી શકે છે. જેણે સ્વાર્પણમયતાના મહાન યજ્ઞમાં પોતાની વાસનાઓ હોમી દીધી છે, જગત તેમને જે કાંઈ આપી શકે તેમ છે તેને જોઇ જેઓ માત્ર હસે જ છે, તેઓ જ જગતના ખેંચાણના મધ્યબિન્દુમાં વસવા યોગ્ય છે. સંસારના વમળનું ચોપાસથી ખેંચતું દબાણ જેમની સ્થિતિસ્થાપકતાને ધક્કો મારી શકે તેમ નથી, કાજળની કોટડીમાં રહેવા છતાં જેમની શ્વેતતાને ડાઘ લાગી શકે તેમ નથી, તેઓ જ જગતના આવકારને પાત્ર થાય છે. તાત! તારૂં અસાધારણ હૃદયબળ તેં ઉઠાવેલા કાર્યને સમાપ્તિએ પહોંચાડે તેવું છે.

સ્થૂલભદ્રજી–પ્રભો! કાંઈ નવિન જ પ્રકાશ મારા આત્મામાં આજે રેડાય છે. આપનાં વચનામૃતની હજી તૃપ્તિ થતી નથી, હજી વધારે કૃપા વરસાવો.

સંભૂતિવિજય-સિંહની ગુફામાં જઈ ત્યાં તેનો પરાજય કરવો એ કોઈ અપવાદરૂપ આત્માઓથી બની શકે છે. અને તાત! તારૂં નિર્માણ પણ તે અપવાદને સાફલ્ય અર્પવા અર્થે જ છે. જગતને તેવા અપવાદની બહુ જ અપેક્ષા છે. તારૂં અપવાદ રૂપ ચારિત્ર લોકો હર્ષથી ગાશે. ભદ્ર! આથી અધિક પ્રકાશ હું તને આપી શકું તેમ નથી. અધિક પ્રકાશ તો કોશાના ગૃહમાં જ તને મળે તેમ છે. ત્યાંથી પ્રકાશ લાવીને ગુરૂના આશ્રમને અજવાળજે! જંગલ અને ગુફાઓમાં સેતાન ઉપર વિજય મેળવવાથી જે ફળ મળે છે, તેના કરતાં સેતાનના મકાનમાં જઇ, ત્યાંજ તેના ઉપર વિજય મેળવવાથી ભારે કીંમતી લૂંટ મળી આવે છે. ત્યાં સેતાન પોતાના ગુપ્ત ભંડારો વિજેતાની સમક્ષ ખુલ્લા મુકી દે છે. વિજેતા ધારે તેટલું લઈ શકે છે, અને તે જગતને આપી પણ શકે છે. તાત! એ કીંમતી લુંટથી આ આશ્રમના ભંડારો ઉભરાવ! ધર્મલાભ.

卐

## જ્ઞાનીની પુણ્યજ્યોત

આંખમાં ઘણી શક્તિઓ હોવા સાથે એક મોટી અશક્તિ પણ છે. તે બધાંને જુએ છે, પણ પોતાની આંખના કણાને જોઇ શકતી નથી, કાઢી શકતી નથી. એને માટે તો બીજાની સહાય જ લેવી પડે છે. આવી જ રીત, મનુષ્યનું મન બધાંના વિચાર કરે છે પણ પોતાનો વિચાર એ નથી કરી શકતું. આ માટે તો જ્ઞાનીની સહાયથી કે એમની પુણ્યજ્યોતથી એણે એના મનમાંના કણાને દૂર કરવું પડે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વાત્સલ્યઘેલી માતા

( સુશીલ )

ગામમાં ગમે તેને પૂછો, એક જ જવાબ મળશે :—

“એ બાઈ પહેલાં તો એક સાધ્વી હતી, પણ હવે સાવ ગાંડી થઈ ગઈ છે.”

ભદ્રિક જનો એ બાઈની દુર્દશા જોઈ કપાળે હાથ મૂકે છે, ઠંડે કલેજે એકાદ નિઃશ્વાસ નાખે છે અને કર્મનાં વિપાકની વાતો કરતાં પોતાના માર્ગે પાછા ચાલ્યા જાય છે.

અને લોકો કંઈ ખોટું થોડું જ કહે? એ ગાંડી બાઈને પોતાના વસ્ત્રનું પણ પુરૂં ભાન નથી. કયારે ખાતી-પીતી હશે અને કયારે ઉંઘતી હશે તે પણ કોઈ નથી જાણતું. આખો દિવસ તે ગામની ગલીઓમાં ભમે છે—વ્યાકુળ નજરે ઉંચે અટારીઓમાં જુવે છે અને પછી કપાળ કૂટતી દૂર-દૂર દોડી જાય છે.

તેનું આખું અંગ ધૂળથી છવાયેલું છે. વિખરાયેલા વાળ મેલથી ભરેલાં છે. શરીર ઉપર માત્ર એક જ વસ્ત્ર છે. તે પણ ધૂળ-ધૂળ, માત્ર દેહને ઢાંકવા પુરતું. આ બધું જોતાં બાઈને કેવળ ગાંડી જ નહીં પણ નરાતાળ ગાંડી કહેવી પડે.

દુનીયાદારીમાં ડૂબેલા રાહદારીઓને એટલો અવકાશ તો કયાંથી જ હોય કે એ ગાંડી ગણાતી નારીની આંખમાં કેટલી વ્યગ્રતા અને મમતા ભરેલી છે તે એકવાર જોઈ લે! એમને તો માત્ર “ગાંડપણ” એટલો જ ચુકાદો બસ છે. પવનથી ઉડતા સૂકા પાંદડાની જેમ ચુકાદાના એ અક્ષરો એક મુખેથી બીજે મુખે રમે છે અને એ રીતે હજારો મુખના વજ્રલેપ સમા ચુકાદા બની જાય છે.

ગાંડપણ! કેવળ નકામી અને ત્રાસદાયક વસ્તુ નથી? સમાજના રીવાજ કે સંસારના તિરસ્કારથી એ દેશનીકાલ થઈ શકતી હોત તો સંસાર કેટલો સુખી બનત? પણ એ રીવાજ અને તિરસ્કાર ઘણીવાર ગાંડપણનાં માતપિતા હોય છે એ કોણ નથી જાણતું?

એ બાઈનું નામ ભદ્રા. એક દિવસે તે પરમ સૌભાગ્યવતી હતી. એના પગ પાસે વૈભવની છોળો ઉડતી. દુઃખ કે પરિતાપનો ઉન્હો વાયુ તેને કદિ ન્હોતો સ્પર્શ્યો. અતિ તૃપ્તિમાંથી આખરે વિરાગ ઉદ્ભવ્યો અને એકી સાથે પતિ-પત્નીએ સંસાર તજી સંયમ લીધો.

ભૂતકાળ ગમે તેટલો ઉજ્વળ હોય, પણ આજે એ બાઈની પાછળ તોફાની છોકરાઓનાં ટોળાં ઘૂમે છે-ધૂળ ફેંકે છે-ચીડવે છે અને બાઈ તેમની સામે તાકી રહે છે. ઘરમાં માબાપના અંકુશથી કંટાળેલાં બાળકોની રોજની ગમ્મતનો એ વિષય છે.

આખો દિવસ ભમી ભમીને થાકથી લોથપોથ થયેલી એ ગાંડી ભદ્રા એક ઓટલા ઉપર બેઠી છે. પડછાયાની જેમ પાછળ ફરતા છોકરામાંથી એકે તાણીને બૂમ મારી :—

“ગાંડી! જો તારો છોકરો દેખાય!” ભદ્રાની આંખોમાં એક ક્ષણવારમાં નવું તેજ ચમક્યું. અત્યંત વ્યાકુળપણે એ દિશામાં નજર કરી અને તરત જ ઓટલા ઉપરથી પડતુ મુકી દોડી.

સામે જ એક સફેદ મોટો પાણો પડયો હતો તેને બાઝી પડી. જાણે કોઈ ખોવાયેલી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વસ્તુ માંડમાંડ મળી હોય તેમ તે પત્થરને પ્રેમથી પંપાળવા લાગી. છોકરાંઓ ખડખડ હસી પડયા.

હાસ્યના અવાજથી તે ચમકી. તેણે ધારીને જોયું તો તે પોતાનો પુત્ર ન હતો. એક પત્થર માત્ર હતો. પત્થરને એક બાજુ રહેવા દઈ આકાશ સામે નીહાળ્યું. ઉંડા અંતરમાંથી કારી વેદનાનો એક સંતપ્ત નિઃશ્વાસ છુટયો. આજે તેનો પતિ હૈયાત હોત તો એ નિઃશ્વાસ ઉપર પોતાની સઘળી સમૃદ્ધિ સમર્પી દેત.

આવું આવું તો દિવસમાં બે–ચાર વાર નહીં પણ અસંખ્ય વાર બનતું હશે. કોઇપણ પત્થર કે વૃક્ષ એ ગાંડી બાઇને મન જડ વસ્તુ નથી. પુત્ર માની તે દરેક જડ વસ્તુને પણ પ્રેમથી–મમતાથી આગ્રહ પૂર્વક આલીંગે છે અને પાછું ભાન થતાં તેને રહેવા દઈ બીજે દોડી જાય છે.

આટલું છતાં આ ભદ્રા સાધ્વી એક ગાંડી નારી નહીં પણ પુત્રઘેલી માતા છે એ સત્ય કોઈ નથી સમજતું. એનું કહેવાતું ગાંડપણ ગાઢ સ્નેહના જ પરિપાકરૂપ છે એ કોઇ નથી જોતું.

દરેક ગાંડપણને પોતાનો ન્હાનો સરખો ઇતિહાસ હોય છે. સ્નેહની ગરમી પામતાં માતાનું રક્ત જેમ શ્વેત અમી બિંદુમાં પલટાઇ જાય છે, તેમ સ્નેહની સદા સળગતી ભઠ્ઠીએ જ ભદ્રામાં આ ગાંડપણ પરિણમાવ્યું હતું. પ્રસુતિની વેદના જેમ એક શિશુને જન્માવે છે તેમ મમતાની વેદનાએ જ ભદ્રામાં આ ગાંડપણ જન્માવ્યું હતું. અર્પણતાએ ઉપજાવેલું ગાંડપણ એ શું દેવવાંછિત નથી? એવો કયો પુત્ર છે કે જે માતાના આવા ગાઢ સ્નેહની અદેખાઈ ન કરે?

ભદ્રા આજે ગાંડી બની છે–શેરીએ શેરીએ ભમી પોતાના પુત્રને શોધે છે. પુત્રની ભાવનાથી તે વસ્તુમાત્રને પ્રેમથી ચુમે છે. ખરેખર જ જો એ ગાંડપણ કહેવાતું હોય તો પણ એ કેટલું સ્નેહનિર્મળ છે? આવા અમુલ્ય ધનને જગતની નકામી વસ્તુ શા સારૂ ગણવામાં આવતી હશે?

અરે ઓ બાળકો! એ ભદ્રાને નકામા શા સારૂ પજવો છો? જાઓ, ઘેર જાઓ. વસ્તુતઃ એ ગાંડી નથી, એ એક માતા છે. કોઈ પુરૂષની લાલ આંખ જોતાં જ તમે માતાના ખોળામાં છુપાઇ જાઓ છો અને એ ખોળાને જ જગતનો અજેય કીલ્લો માનો છો તેમ આ ભદ્રા પણ જ્યારે માતા હતી ત્યારે તેની ગોદમાં તમારા જેવો જ બાળક એકવાર લાડથી રમતો. ભદ્રાનું અપમાન એ વિશ્વવંદ્ય માતૃત્વનું અપમાન છે. એ ગાંડપણ નથી. માતાની મમતા જ મૂર્ત્તિનો આકાર પામી છે. પણ તમે અત્યારે એ વાત નહીં સમજો.

સ્નેહના નિષ્ફળ ઉચ્છવાસ કે મમતાના વ્યર્થ આવેશ ઉપર હસવાનો સંસારને ભલે અધિકાર હોય, પણ આ ગાંડી ભદ્રાને તમે એટલી બધી દુર્બળ ન માનતા. તેણે પોતાનો એકનો એક લાડકવાયો પુત્ર ગુમાવ્યો છે, અને કેવળ પુત્રશોકથી જ વિહ્વળ બની છે એમ પણ નથી. જો એકવાર પણ તેણે મૃત્યુશય્યા ઉપર પડેલા બાળકને છેલ્લીવાર ચુમી લીધું હોત, પુરેપુરી તૃપ્તિ થતાં સુધી મુમુર્ષુ બાળકને નીરખી લીધું હોત તો આ માતા વિરહતાપને ઘોળીને પી જાત. જેણે પ્રસન્નવદને સંસારના સર્વ સુખની સ્પૃહા તજી દીધી તે શું એક પુત્રના દેહનો પોતાના સગે હાથે ત્યાગ ન કરી શકત? કદાચ એ વખતે તેના નયનમાંથી અશ્રુની ધારા વહી નીકળત, કદાચ તેનું હૃદય ધ્રુજી ઉઠત, તે મૂર્ચ્છા પામી બેભાન પણ બનત. પણ એ ઝેરનો ઘુંટડો ગળા નીચે ઉતારવા જેટલું બળ તો જરૂર બતાવી શકત. બહુ બહુ તો બાળકના દેહની ભસ્મને અંગે ચોળી તેનું ધ્યાન ધરતી બેસી રહેત. પણ આજે તો ભદ્રાના દીલની વેદના છેક જુદા જ પ્રકારની છે. તેનો યુવાન–





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેલૈયા જેવો કુંવર ગામમાં ગોચરી કરવા ગયો ત્યાંથી તે પાછો જ ન ફર્યો. દિવસોના દિવસો સુધી માતાએ રાહ જોઇ, પણ પુત્ર અહન્નકના કંઈજ સમાચાર ન મળ્યા. ભદ્રાના કાળજામાં એક કારી ખંજર ભોંકાયું. તે પુત્રની શોધમાં ભટકવા લાગી, આજે ગાંડપણમાં તે પુત્રને જ ઝંખે છે–પુત્રની પાછળ જ દીવાની બની બધે શોધે છે.

કોઈએ કહ્યું છે કે પુત્ર એ પ્રિય નથી, પણ આત્મા પ્રિય છે એટલે જ પુત્ર પ્રિય છે, પણ ભદ્રાના સંબંધમાં એથી ઉલટું જ હતું. તેને પુત્ર પ્રિય હતો એટલે જ આત્મા પ્રિય હતો. પુત્રમાં જ તેનું આત્મસર્વસ્વ આવી વસ્યું હતું. પુત્રનાં સુખ અને કલ્યાણને જ પોતાનાં સુખ–કલ્યાણ સમજતી હતી.

એક દિવસે કોણ જાણે કેવાયે કળ ચોઘડીએ ભદ્રાનો પુત્ર–અર્હન્નક, ભીક્ષા અર્થે બ્હાર નીકળ્યો. માતા પોતે દીક્ષિત સાધ્વી હતી, છતાં પુત્રની સામે સ્નેહાવેશથી જોઇ રહી. પુત્ર વરઘોડે ચડે અને જેમ માતા અભિમાનથી નીરખે તેમ ભીક્ષાર્થે જતાં અર્હન્નકને સાધ્વી ભદ્રા નીરખી રહી. કોઇ દિવસે નહી અને આજે જ જીંદગીમાં પહેલીવાર તે જૈન મુનિનો સંપૂર્ણ વેશ પહેરી ગોચરી વ્હોરવા ગામમાં જતો હતો. યૌવનની કાંતિ અને ચંચળતાને એ વેશ ન છુપાવી શકયો–શરમાયો. યૌવનના આરંભમાં જ સંયમ સાધતા આ કાંતિમાન પુત્રને નીરખી ગૃહસ્થની નારીઓ કેવા પ્રશંસાના ઉદ્ગાર કાઢશે એ વિચારે ભદ્રા માતાને અભિમાન પ્રેર્યું.

અર્હન્નકની માતા ભદ્રા અને પિતા દત્ત શ્રાવકે બન્નેએ અર્હન્મિત્ર સૂરિ પાસે સાધુધર્મની દીક્ષા સ્વીકારી હતી. એ વખતે અર્હન્નક બહુ ન્હાનો હતો. છતાં તેની બુદ્ધિમત્તા ઉપર મોહીત થઇ માતાપિતાએ માન્યું કે "આ પુત્ર આગળ જતાં જૈન શાસનનો એક મહાન્ પ્રભાવક થશે." અને તેથી તેને પણ સંયમનો વેશ પહેરાવી પોતાની સાથે જ રાખી લીધો. શાસન–પ્રભાવનાની સાથે પુત્રવાત્સલ્ય મુદ્દલ નહીં હોય એમ શી રીતે કહી શકાય? પિતા જ્યાં સુધી હૈયાત રહ્યા ત્યાં સુધી અર્હન્નકને સંયમની કઠિનતાનો કંઇ ખ્યાલ ન આવ્યો. સમુદાયના મુનિઓ હંમેશા આહાર–પાણી લઇ આવતાં તેમાંથી અર્હન્નકને પણ યોગ્ય ખાનપાન મળી જતાં–પિતાનો પક્ષપાત કેટલીકવાર બીજા મુનિઓને ખૂંચતો, પણ એવી નમાલી બાબતમાં કોઇએ સ્પષ્ટ વિરોધ ન દાખવ્યો. ઘેર જેવી રીતે અર્હન્નકને માટે હંમેશાં સુખ–સામગ્રી તૈયાર રહેતી તેમ અહીં પણ તેને સુખ–સગવડ સહેજે મળી રહેતાં. આથી અર્હન્નક ગૃહસુખ અને સંયમના તાપ વચ્ચેનો ભેદ ન સમજ્યો.

આજે થોડા દિવસ થયાં અર્હન્નકના પિતા કાળધર્મ પામ્યા છે. તેમની પાછળ અર્હન્નકની સંભાળ લે એવું કોઇ ન રહ્યું. અને હવે અર્હન્નક પણ કંઇ ન્હાનો બાળ નથી. તે યૌવન અવસ્થાને પામ્યો છે. સંયમની તાલીમ લેવાનો તેણે ધીમે ધીમે પ્રયત્ન કરવો જ જોઇએ, એમ સમુદાયના સાધુઓ માને છે. દરેક સાધુ પોતપોતાને માટે ગામમાંથી ગોચરી લઈ આવે અને બીજી વ્યવસ્થા પણ પોતે જ કરી લે એ તેમનો મુખ્ય ધર્મ છે. અર્હન્નકે પણ હવે એ ધર્મનું પાલન કરવા તૈયાર થવું જોઇએ. ભદ્રા માતા એ બધું સારી રીતે સમજી શકે છે. પણ માતાનું હૃદય અંદર રહ્યું રહ્યું પૂછે છે:– "હજી બે દિવસ વધુ ખમી ગયા હોત તો?" તે કાંઇ બોલી શકતી નથી. પુત્રને સાધુવેશમાં બહાર નીકળતો જોઈ તેનુ અંતર અનેકવિધ ઉર્મિઓથી ખળભળી ઉઠે છે.

તે દિવસે ઉન્હાળાનો મધ્યાહ્ન સૂર્ય બરાબર માથે પહોંચ્યો હતો. પંખીઓ પણ ઝાડની આછી–પાતળી છાયામાં છુપાયા હતા. વૈભવી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગૃહસ્થોને ત્યાં સુખડ અને ચંદનના શીતોપચારની તૈયારીઓ થઈ રહી હતી. ગૃહિણીઓ રસોડાનાં કામથી પરવારી હવે બે ઘડી આરામ મળશે એવી આશાથી ન્હાનાં ન્હાનાં કામ આટોપતી હતી.

સંયમી સાધુઓને માટે ગોચરીનો પણ એ જ સમય હોય છે. સકળ નર-નારીઓ જે વખતે પોતપોતાને માટે તૈયાર કરેલાં આહાર-ભોજનાદિથી પરિતૃપ્ત થઈ ચૂકયાં હોય તે જ વખતે ગૃહસ્થોના વધેલા આહારમાંથી ઉચિત અને નિર્દોષ આહાર-પાણી વ્હોરી લાવવાં એ તેમનો મુખ્ય આચાર હોય છે.

અર્હન્નક મુનની સાથે બીજા બે-ત્રણ મુનિઓ હતા. પણ તેમનામાં અને અર્હન્નકમાં આકાશ પાતાળ જેટલો તફાવત હતો. પેલા સંગાથીઓ સંયમના યુદ્ધમાં કસાયેલા સૈનિકો જેવા હતા, જ્યારે અર્હન્નક, પરીક્ષકની સામે ધ્રુજતા ન્હાના બાળકની જેમ સાવ નવો અને કસોટીથી સંપૂર્ણ અજ્ઞાત યુવક હતો. માખણના પિંડ જેવો તેનો સુકુમાર દેહ ગ્રીષ્મના મધ્યાન્હનો તાપ સહેવા અશક્ત હતો. ધીમે ધીમે જો તેને તાલીમ મળી શકી હોત તો કદાચ બીજા મુનિઓને વટાવીને તે ઘણો દૂર નીકળી જઇ શકત. પણ માતા પિતાના અતિ સ્નેહે એ સમય વ્યર્થ જવા દીધો. આજે તો તેણે હવે પાકા સંયમીની પેઠે મુનિઓના આચારધર્મનું ગમે તે ભોગે પાલન કરી બતાવવું જોઇએ.

અર્હન્નકનું શરીર પસીનાથી રેબઝેબ થઇ ગયું. પ્રફુલ્લ મુખ ઉપર વિષાદની ગાઢ મલીનતા છવાઇ. પગે ફોલ્લા પડ્યા. ભીક્ષાની ઝોળીમાં કંઈ આહાર આવે તે પહેલાં તો એક ડગલું પણ આગળ વધવાનું અશકય થઇ પડયું. તેને ફેર આવવા લાગ્યા. પાસે જ કોઇ એક ઉંચી અટ્ટાલિકા હતી તેની છાયાનો આશ્રય લીધો. બીજા મુનિઓ તો અર્હન્નકને મૂકી વસ્તીમાં દૂર નીકળી ગયા હતા, અર્હન્નક એકલો હતો. તેની દુઃખદ સ્થિતિ ઉપર સમવેદનાનું એક આંસુ ઢાળે એવું ત્યાં બીજું કોઈ ન હતું. તે બેઠો તો ખરો. પણ પૂર્વે કદિ નહીં અનુભવેલી વ્યથાને લીધે તે પોતાનું દેહભાન ગુમાવી બેઠો. મૂર્છાએ આવી માતાના સ્નેહસ્પર્શની ગરજ સારી.

ઘણી વારે તેની મૂર્છા ઉતરી. તેણે આંખ ઉઘાડી આસપાસ નીહાળ્યું. પણ મુનિઓની આંખને અતિ પરિચિત આશ્રમ જેવું કંઇ ન જણાયું. તે દિવાલ ઉપર શોભતાં ચિત્રો અને શૃંગારવૃત્તિને બહેલાવે એવી આસપાસની રસ સામગ્રી ઘડી વાર જોઇ રહ્યો. વિહાર વખતે એક વસંતઋતુમાં અનુભવેલી આમ્રઘટાનો આસ્વાદ યાદ આવ્યો. પોતે કોઈ સ્વપ્નમાં છે કે યથાર્થ સ્વર્ગ લોકમાં આવી ચડ્યો છે તે ન સમજાયું. બીજું તો ઠીક પણ ભૂમિશય્યા ઉપર સુવા ટેવાયેલા આ દેહની નીચે આવી સુંવાળી તળાઇ કયાંથી અને શા સારૂ? જેમ જેમ તે અધિક જોવા-વિચારવા લાગ્યો તેમ તેમ તેની મુંઝવણ પણ વધવા લાગી. જનશૂન્ય ઘરમાં કોઇને પૂછી ખાત્રી કરી શકાય એમ પણ ન હતું. તેણે નિરાશ દૃષ્ટિને સંકેલી લેવાનો પ્રયત્ન કર્યો. તાપ, લૂ અને ધગધગતી ધરતીનુ પુનઃ સ્મરણ થતાં તે ધ્રુજી ઉઠયો. આંખો મીંચી એમને એમ પડી રહેવા સિવાય બીજો કોઈ ઉપાય ન સૂઝયો.

પણ અનાયાસે જ તેની દૃષ્ટિ પલંગની પાંગત તરફ ગઇ. વિદ્યાધરી કે દેવી જેવી દેખાતી, કુતૂહળને માંડમાંડ અંતરમાં સમાવતી, એક નવોઢા સ્ત્રી ત્યાં બેઠી હતી. તેના વદન ઉપર કુતુહળ અને હાસ્યનું તોફાન તરતું હતું. મુનિના મુખ ને નેત્રમાં ઉભરાતા અને અદ્રશ્ય થતા ભાવોનો જાણે અભ્યાસ કરતી હોય તેમ અનિમેષપણે મુનિની સામે જોઇ રહી હતી. અર્હન્નક એ નારીનું દૃષ્ટિતેજ ન સહી શકયો, કેટકેટલીવાર દેવીઓએ મહાન્ મુનિવરોને–



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તપસ્વીઓને વ્રતભંગ કરાવેલા એમ શાસ્ત્ર-કથાઓમાં વાંચેલું તે તાજુ થયું :—

द्रष्टाश्चित्रेऽपि चेतांसि हरन्ति हरिणीदृशः
किं पुनः स्मितस्मेरविभ्रमभ्रमितेक्षणाः

"મૃગલી જેવા નેત્રવાળી સ્ત્રીઓ માત્ર ચિત્રમાં આલેખાયેલી જોઈ હોય તો પણ ચિત્તનું હરણ કરે તો પછી હાસ્યથી પ્રફુલ્લિત અને વિલાસથી ભ્રમિત એવા નેત્રવાળી સાક્ષાત્ સ્ત્રીઓને જોવાથી ચિત્ત ચોરાઈ જાય એમાં તો કંઇ કહેવાપણું જ ન હોય." એ કંઠસ્થ કરેલો શ્લોક સંભાર્યો.

પણ આ કંઇ મુનિઓને રાતવાસો રહેવાનો કે ધર્મધ્યાન કરવાનો આશ્રમ ન હતો. અહીં માત્ર જીભ્હા ઉપર રમી રહેલા શ્લોકો તેને કંઈ જ સહાય કરી શકે એમ ન હતું. આ તો વિકાર અને સંયમ વચ્ચેનું સંગ્રામસ્થાન; શોભાનાં શસ્ત્રાસ્ત્ર અહી શું કામનાં?

યુવતી, જે અત્યારસુધી આ સુકુમાર મુનિના દેહની સેવા-સુશ્રુષામાં રોકાએલી હતી તે ધીમે ધીમે ત્યાંથી ઉઠી, અને અર્હન્નક મુનિની બહુ જ પાસે આવીને ઉભી રહી. મુનિ કંઇ બોલવાનો આરંભ કરે તે પહેલાં જ તે બોલી :—

"આપના મનની વ્યથા હું જાણું છું. આ વિલાસભવન અને નારીનો સ્પર્શ આપને અધર્મ્ય ગણાય એ પણ સમજુ છું. પણ આજે તમે મુનિ નથી—મારા અતિથિ છો—વળી દર્દી છો. તમારા દેહ ઉપર તમારો પોતાનો અધિકાર નથી. જેની પાંખો કપાઈ ગઈ હોય એવા પંખીની જેમ ખાલી પાંખો ફફડાવવાથી શું વળવાનું હતું?"

અર્હન્નકને એ શબ્દોમાં કંઈક જાદુઈ અસર ભાસી. આ રમણી મુનિધર્મથી અજ્ઞાત નથી એટલું આશ્વાસન તેને માટે બસ હતું. સહેજે પ્રાપ્ત થયેલાં સુખને તરછોડવાનો તેને મુદ્દલ અભ્યાસ ન હતો. પોતે દર્દી છે, દેહ ઉપરનો અધિકાર ગુમાવી બેઠો છે અને આ રમણી કેવળ દયાને ખાતર સેવા સુશ્રુષા કરી રહી છે એ વાત સમજતા તેને વાર ન લાગી. પાછી આંખો મીંચીને તે થોડીવાર પડી રહ્યો.

બે-એક દિવસ એ રીતે અર્ધ મૂર્છાવસ્થામાં પસાર થયા. ત્રીજે દિવસે તેણે ગૃહની સ્વામિની પાસે વિદાય લેવાનો દૃઢ નિશ્ચય કર્યો.

યુવતી તેમજ મુનિને માટે એ પરીક્ષાનો દિવસ હતો. બન્નેએ સાથે તરી જવું અને કાં તો બન્નેએ સાથે ડૂબવું એ અદૃશ્ય વિધિલેખ લખાઈ ચૂકયા હતા.

રમણીનો પતિ આજે દસ-દસ વરસ થયાં દરીયાપારના દેશોમાં ફરતો હતો. પાછળ પુષ્કળ સમૃદ્ધિ અને દાસ-દાસી મૂકી ગયો હતો. દસ-દસ વરસની વર્ષા એ રમણીના વિરહતાપ ઉપર વરસી ગઇ, પણ આ વિરહી યુવતીએ એકાંતમાં બેસી રડી લેવા સિવાય બીજો ઉપાય ઉદ્યમ નથી કર્યો. કેટલીયે જ્યોત્સનામયી રાત્રીઓએ આવી આ નિરાશ રમણીના હૃદયમાં ભરતીઓટ આણ્યાં. આજ સુધી એ બધાં દુઃખ તેણે મૌનપણે સહી લીધાં. પણ જ્યારથી આ અર્હન્નક મુનિ પોતાને ત્યાં આવ્યા છે ત્યારથી તે પોતાની બધી શાંતિ અને ધીરજ ખોઈ બેઠી છે. પહેલે જ દિવસે મધ્યરાત્રીએ, અર્હન્નક જ્યારે ભરનિદ્રામાં સૂતો હતો ત્યારે તેના સુષપ્ત સૌંદર્યનું પાન કરતાં તે એટલી બધી સંજ્ઞાશૂન્ય બની ગઈ હતી કે તે જ વખતે સુવર્ણના પિંજરે પડેલી મેનાએ અકસ્માત્ તોફાન ન કર્યું હોત તો કદાચ આજના જેટલા અભિમાનથી તે અર્હન્નક પાસે ઉભી ન રહી શકત.

આજે અર્હન્નક રજા લઈ સાધુસંઘમાં જવાનો હતો. યુવતીએ પ્રાતઃકાળ થતા પહેલાં ઊઠી, સ્નાનાદિથી નિવૃત્ત થઈ નવાં વસ્ત્રાલંકાર પહેરી લીધાં. જાણે કૌમુદી ઉત્સવમાં જવાનું આમંત્રણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મળ્યું હોય તેમ તે પૂર દમામથી તૈયાર થઇ.

સૂર્યોદય થતાં જ તે અર્હન્નકની સામે આવી હવે તે માત્ર ગૃહિણી કે સેવિકા ન હતી–મુનિનું મન ચળાવવા આજે તેને સ્વર્ગની કિન્નરીના ભાવ ભજવવાના હતા. એક તો ઉદ્દામ યૌવન, અસાધારણ વૈભવ અને સહજપ્રાપ્ત એકાંત. કામદેવના આ ત્રણે અનુચરો આ યુવક ને યુવતી ઉપર પોતાનાં પુષ્પશર વરસાવી રહ્યાં.

કોઈ દિવસ નહીં જોયેલો આ રમણીનો વેશવિન્યાસ અર્હન્નકે શાંતિથી નીહાળ્યો. અનાયાસે મળેલા આ રસવૈભવને તજી દેવામાં જાણે પોતે જ પોતાનો આત્મઘાત કરતો હોય એવી નિર્દયતા લાગી. રજાના શબ્દો મ્હોંમાં જ રહી ગયા કંઠે શોષ પડવા લાગ્યો. મુનિજીવનના પરિસહ વિકરાળ વાઘની જેમ નજર આગળ ખડા થયાં. તે કર્તવ્યમૂઢની જેમ લજ્જા અને સંકોચને લીધે ધરતી તરફ જોઇ રહ્યો.

" આજે નહીં તો કાલે જવાશે. જીવનમાં એ દિવસ શા લેખામાં છે ? " વીણાના ઝંકાર જેવા શબ્દોએ અર્હન્નકની બધી મુંઝવણ ટાળી દીધી.

યુવતીના આગ્રહથી તે રોકાયો તો ખરો, પણ એ જ દિવસો તેની પરીક્ષાના દિવસો હતા એ ન સમજ્યો. કમનસીબે દિવસો ઉપર દિવસો વીતવા છતાં એ 'કાલ' ન આવી. યૌવનના ઉન્મત્ત પૂરમાં ઉભય આત્માઓ પડયા–તણાયા.

અર્હન્નકના સાથીઓએ થોડા દિવસ રાહ જોઇ, પણ તેનો કયાંય પત્તો ન લાગવાથી તેઓ વિહાર કરી ગયા. એક માત્ર ભદ્રા અર્હન્નકને ન ભૂલી શકી. સંસારને તજવા છતાં તે પોતાનું માતૃ–હૃદય ન તજી શકી.

એ અર્હન્નકની માતા–ભદ્રા જ આજે શહેરની શેરીઓમાં અર્હન્નકના જ જાપ જપતી ભમે છે. લોકનિંદાની, સુખદુઃખની કે ઉપહાસની પરવા રાખ્યા વિના ગાંડી નારીની જેમ જડ વસ્તુને પણ અર્હન્નક માની ભેટે છે–ચૂમે છે, અને પાછું ભાન આવતાં અકળાઇને આગળ ચાલી જાય છે.

* * *

દિવસમાં દસ વાર જોવા છતાં જેને તૃપ્તિ ન થાય એવી ભદ્રા જ્યારે પુત્રવિરહમાં ઝુરે છે, ત્યારે બીજી તરફ તેનો પુત્ર, રસ–શૃંગારમાં ચકચૂર બન્યો છે. મુનિજીવનને એ પોતાનો પૂર્વભવ માનવા લાગ્યો છે. આદિ અને અંત વિનાનો એક સુખસાગર તેની આગળ ઉછળી રહ્યો છે. દિવસ, રાત કે ઋતુના પરિવર્તનની પણ તેને કંઇ જ પરવા નથી. આજે તો આઠે પહોર તે વસંતનો જ વૈભવ અનુભવે છે. મોહમદિરાએ તેની બધી ચેતના હરી લીધી છે.

પણ આવાં સુખસ્વપ્ન કોઈનાં ચિરસ્થાયી રહ્યાં છે કે અર્હન્નકના રહે ? સૂર્યના તેજને પામી રંગ–વૈભવ રેલાવતી વાદળીનું અભિમાન કેટલી ઘડીનું ? અર્હન્નકનાં સુખ–વિલાસ પણ એટલાં જ ક્ષણસ્થાયી હતાં. તેની મોહનિદ્રા તૂટવાની જ હતી.

સદ્ભાગ્યે કહો કે દુર્ભાગ્યે કહો, એક દિવસે તેણે ઝરૂખામાંથી ભદ્રાની દુરવસ્થા જોઇ. પહેલાં તો એ ભદ્રા માતા હોય એમ માની જ ન શકયો. પણ તે જેમ જેમ પાસે આવવા લાગી તેમ તેમ એ કઠોર સત્ય ધીમે ધીમે અર્હન્નક આગળ પ્રગટ થયું.

કોઇને કંઈ કહ્યા વિના તે એકદમ નીચે આવ્યો. અપરાધી જેમ ન્યાયાસન પાસે આવી માથું નમાવે તેમ તે પોતાના પ્રમાદની ક્ષમા યાચતો ભદ્રા માતાના ચરણમાં નમ્યો. માતાએ પુત્રને ઓળખ્યો. બળતી આગમાંથી બચીને આવતા પુત્રને પહેલી જ વાર મળતી હોય તેમ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભદ્રા પુત્રને ઘણીવાર સુધી વળગી રહી. બન્નેના નેત્રોમાં અકથ્ય હર્ષાવેશ ઉભરાયાં.

અર્હન્નકે માતાને પોતાના વિલાસભુવનમાં આવવાનો આગ્રહ કર્યો. પણ ભદ્રાએ એ આગ્રહ ન સ્વીકાર્યો. કહ્યું :—

"બેટા ! તારૂં અને મારૂં સ્થાન તો સાધુ–સાધ્વીઓના સંઘમાં છે. હું એ વિલાસભુવનમાં આવી મારા આત્માને શા સારૂ અભડાવું ? અને જો હજી પણ તને એ વિલાસ આકર્ષતો હોય તો ખુશીથી જે કંઇ પુણ્ય સામગ્રી બાકી રહી હોય તે ભોગવી લે. તારી માતા–આજે ગાંડી ગણાતી માતા, પણ પુત્રના સુખની આડે નહીં આવે તારા સુખમાં જ હું મારૂં સુખ સમાવી દઈશ."

પુત્રસુખ પાછળની આ અર્પણતાને ગાંડપણ કોણ કહે ? અર્હન્નકના આત્મામાં હજી વિલાસનું ઘેન હતું. માતાની મમતા ખાતર તે બની શકે તો મરવા તૈયાર હતો. પણ યોગમાર્ગમાં રીબાઇને મરવું એ તેને ન્હોતું રૂચતું. ભૂખ–તૃષા અને વિહારનાં તાપ વેઠતાં ધીમે ધીમે ગાત્ર ગાળવાં તે કરતાં એક દિવસે અન્ન–પાણીનો સર્વથા ત્યાગ કરી સંસારથી છૂટી જવું એ વધુ સહેલું છે એમ કહી તે માતાને આશ્વાસન આપવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

એટલામાં તો પેલી વિલાસી રમણી પણ ત્યાં આવી પહોંચી. માતા અને પુત્ર વચ્ચેનો વિવાદ સાંભળી તે બોલી :–

"તે દિવસે તમે પોતે જ મુનિવેશ પહેરી મારી પાસે રજાની ભીક્ષા માગવા આવ્યા હતા ને ? તે દિવસે હું તમને રજા ન આપી શકી અને તમે પણ ન લઇ શકયા. માતા ભદ્રાની સાક્ષીએ આપણે બંને આજે એ નબળાઇને ધોઇ નાંખીએ જુઓ આ રહ્યો આપનો મુનિવેશ. એક દિવસે હું મારા પોતાના હાથે આપને પહેરાવી. મુનિસંઘમાં પાછા મોકલીશ એ જ આશાએ હું તેને આજલગી કૃપણના ધનની જેમ સાચવી રહી છું. હું જ આ બધા અનર્થના નિમિત્ત રૂપ બની છું. એનું પ્રાયશ્ચિત હું પોતે પણ કરી લઇશ.

દિગ્મૂઢ જેમ અર્હન્નક એક વખતની આ વિલાસિની અબળા સામે જોઈ રહ્યો. આજે નાતે મ્હોં ઉપર પ્રથમની દીનતાને બદલે એક પ્રકારની તેજસ્વીતા છવાઇ હતી, આજે તે રમણી નહીં પણ ગુરૂ બની હતી.

અર્હન્નકના ભાન ભૂલેલા આત્માને સન્માર્ગે વાળવા આટલા શબ્દોજ બસ હતા તેણે પ્રથમના મુનિવેશ સામે એક વાર જોયું, પુનઃ માતાનાં ચરણ અશ્રુવડે ધોયા. અને પોતાની એક વખતની સ્નેહરાજ્ઞીએ આણેલો મુનિવેશ અંગે ધર્યો.

માતા ભદ્રા અને યુવતી બન્નેનાં હૈયાં કોઈ અચિંતનીય ભાવાવેગથી એકી સાથે ધ્રુજી ઉઠ્યાં યુવતીએ માતાના પગમાં માથું નમાવ્યું. બંનેએ રડી રડીને હૈયાના ભાર ઠલવ્યાં. અર્હન્નક તે જોવા ન રહ્યો. આજે એને પોતાની જ બીક લાગતી હતી તે ત્યાંથી ચાલી નીકળ્યો.

ઘણે દિવસે પાછો અર્હન્નક મુનિસંઘમાં મળી ગયો. મેઘમુક્ત ચંદ્રકિરણ જેવું તેનું અંતર પણ પવિત્ર અને સ્વચ્છ બન્યું. સંયમી જીવનનો કોઇ પણ પરિસહ એ હવે તેને પરિસહરૂપ ન રહ્યો. ત્યાગ વૈરાગ્ય અને સહનશીલતામાં તે બીજા મુનિઓ કરતાં ઘણે દૂર નીકળી ગયો. જે જેટલા વેગથી પડે છે તે જો વીર્યવાન્ હોય તો પાછા એટલા જ જોરથી ઉપર આવે છે, એ સત્ય અર્હન્નકે પોતાના જીવનમાં મૂર્ત્તિમંત કરી બતાવ્યું.

પેલી યુવતી પણ માતા ભદ્રાની સાથે સાધ્વી સંઘમાં સામેલ થઈ ગઈ. પુત્ર કે પતિના ક્ષણિક દેહસુખ કરતાં એમના આત્મિક કલ્યાણને અધિક કીમતી માનનાર એ બન્ને સાધ્વીઓએ ઠેર ઠેર ફરી શ્રોતાઓને એ જ સત્ય સમજાવ્યું

'અરણિક' મુનિવરની ગોચરીનો જે પ્રસંગ રોજ સહસ્ર કંઠે ગવાય છે તે આ જ અર્હન્નક. એ પતન અને ઉત્થાન એની સવીર્યતાને લીધે આજે પણ પ્રાતઃ સ્મરણી મનાય છે ! મનુષ્યત્વ દૈવત્વની અનેરી ભભકવડે એ ચિત્ર પુરાતન છતાં નિત્ય નૂતન લાગે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'દ્વાદશારં નયચક્રમ્' અંગે હાર્વર્ડ યુનિવર્સિટીનો પત્ર

HARVARD UNIVERSITY
DEPARTMENT OF SANSKRIT AND INDIAN STUDIES
WIDENER LIBRARY 273
CAMBRIDGE 38, MASS.

Daniel H. H. Ingalls
Chairman

Oct. 30. 1977

Dear Jain Muni,

I write to thank you for your precious gift of books. Part 2 of the Dvadasaram Nayacakram arrived long since I did not acknowledge it at the time, as I was away from Cambridge when it arrived. I should have written you immediately upon my return and I apologize for the delay Part 1 of your edition of the Ayaranga suttam arrived only last week, after the arrival of your letter of inquiry.

With these two books you have added greatly to the sources for the study of Jainism and indeed of Indian thought and religion as a whole. To a non-Jaina they are important in two quite different ways. The Nayacakram for the detailed information it gives on philosophical thearies; the Ayaranga for nobility of many of its suttas (e.g./132 सव्वे पाणा सव्वे भूता सव्वे जीवा सव्वे सत्ता न हन्तव्वा etc.) and for the valuable historical information of the third Cula. But they are both from one and the same tradition, which you have done so much to publish and to make understood. The learning and care with which you have done your work incites my admiration.

I hope this finds you in good health. With myself all is well. I have perhaps too many pupils in Sanskrit because it is becoming difficult to find jobs for all of them. But it is a joy, as one grows older, to see young people learning a subject that one loves. Several of them, I think, will become better sanskritists than I. So in this small respect the world is improving.

With many thanks I remain.

Sincerely yours,
Daniel H. H. Ingalls

હાર્વર્ડ યુનિવર્સિટી
ડીપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત એન્ડ ઇન્ડીઅન સ્ટડીઝ
વીડનર લાઇબ્રેરી. ૨૭૩
કેમ્બ્રીજ ૩૮ માસ

ડેનિઅલ એચ. એચ. ઇન્ગોલ્સ
ચેરમેન

ઓક્ટો. ૩૦-૧૯૭૭

પ્રિય જૈન મુનિજી,

આપે મોકલેલ પુસ્તકોની અમૂલ્ય ભેટ માટે આભાર.

द्वादशारं नयचक्रम्‌નો બીજો ભાગ ઘણા વખત પહેલા મળ્યો હતો. તે વખતે હું તેની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પહોંચ ન લખી શક્યો કારણ કે તે પુસ્તક જ્યારે આવ્યું ત્યારે હું કેમ્બ્રીજથી દૂર હતો. કેમ્બ્રીજથી પાછા ફરતાની સાથે જ મારે લખવું જોઈતું હતું પણ ઢીલ માટે ક્ષમા યાચું છું.

આપના તરફથી પુસ્તક મળ્યાનું પૂછાણ આવ્યુ ત્યાર બાદ આપના आचारांगसुत्तम्નો પહેલો ભાગ મને ગયા અઠવાડીયે જ મળ્યો.

આ બન્ને પુસ્તકોથી આપે જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસ માટેની આધારભૂત માહિતીમાં અને સમગ્રપણે ભારતીય વિચારધારાની પ્રમાણિત માહિતીમાં તદ્દન અલગ અલગ રીતથી અધિકાંશે ઉમેરો કર્યો છે. જૈનેતર માટે એ પુસ્તકો અગત્યના છે. नयचक्र તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોની વિગતપૂર્ણ માહિતી દર્શાવતો અગત્યનો ગ્રંથ છે અને आचारांग ગ્રંથ તેમાંના કેટલાક સૂત્રોની ઉદાત્તતાને કારણે મહત્ત્વનો છે. (દા. ત. સૂત્ર ૧૩૨ सव्वे पाणा सव्वे भूता सव्वे जीवा सव्वे सत्ता न हन्तव्वा વગેરે) અને ત્રીજા ચૂલની કીંમતી ઐતિહાસિક માહિતી માટે પણ તે મહત્ત્વનુ છે. પણ તે બંને એક જ પરંપરામાંથી છે કે જે પ્રસિદ્ધ કરવા અને સમજાવવા તમોએ ઘણો જ પ્રયત્ન કર્યો છે. જે વિદ્વતા અને કાળજીથી તમોએ આ કાર્ય કર્યું છે તે ભૂરિ ભૂરિ પ્રશંસા માંગી લે છે.

હું આશા રાખું છું કે આપ શાતામાં હશો. અહીં સૌ કુશળ છીએ. મારે કદાચ સંસ્કૃતના ઘણા વિદ્યાર્થીઓ છે કારણ કે તે બધાને નોકરી શોધવાનું મુશ્કેલ છે. પણ વૃદ્ધાવસ્થામાં માણસને જે વિષય પ્રિય હોય તે વિષયનો જુવાન માણસો અભ્યાસ કરતા હોય તે જોવામાં અનેરો આનંદ આવે છે. હું ધારૂં છું કે તેમનામાંના કેટલાક મારા કરતા પણ વધારે સંસ્કૃતરસીઆ બનશે. એટલે આ એક નાની બાબતમાં વિશ્વ સુધરી રહ્યું છે.

અનેક આભાર સાથે.

આપનો સહૃદયી

**ડેનીઅલ એચ. એચ. ઈન્ગોલ્સ**

× × ×

INSTITUT FOR TIBETOLOGIE
UND BUDDHISMUSKUNDE
DER UNIVERSITAT WIEN
MARIA THERESIEN-STRASSE 3/4/26
A-1090 WIEN

16-11-1977

To the
Jaina Muni Jambuvijayaji
C/o Jain Atmanand Sabha
Bhavnagar ( Gujarat State. )

Dear Muni,

I have just received the most generous gift of the second volume of your Nayacakram along with your edition of the Ayarangasuttam. Thank you very very much for both books. I have already started to go through the parts of Nayacakram of most interest to me and am really grateful that you have done such an excellent job on this most difficult text.

I hope you are in good health and send you my very best wishes. Again many thanks.

Yours Sincerely,
ERNST STEINKELLNER

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રતિ,

જૈન મુનિ જમ્બુવિજયજી

C/o. જૈન આત્માનંદ સભા

ભાવનગર

ગુજરાત રાજ્ય

પ્રિય મુનિજી,

આપના आचारांग सूत्तम्‌ની આવૃત્તિ સાથે नयचक्रम् ભાગ બીજાની ઉદાર ભેટ મને હમણાં જ મળી. બન્ને ગ્રંથો માટે આપનો ખૂબ ખૂબ આભાર. મારે માટે ખૂબ રસપ્રદ એવા नयचक्रम्‌ના બન્ને ભાગો વાંચી જવાનો પ્રારંભ મેં કરી દીધો છે અને આવા અતિ કઠિન પુસ્તક તૈયાર કરવામાં આપે સર્વોત્તમ સફળ પ્રવૃતિ કરી છે તે માટે આપશ્રીને હાર્દિક ધન્યવાદ.

આપ સુખ શાતામાં હશો. મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. ફરી આભાર.

આપનો સહૃદયી

અર્ન્સ્ટ સ્ટાઇન કેલનર

# સ્વ. માસ્તર શામજીભાઇની જીવન ઝરમર

માસ્તર શામજીભાઈ ભાઇચંદ શેઠનું મુળ વતન સાવરકુંડલા (સૌરાષ્ટ્ર) શિશુવય વતનમાં વિતાવીને આશરે સોળ વરસની ઉંમરે તેઓ તેમનાં મામા દીપચંદભાઇ દામજીની સાથે ઓસિયાં (રાજસ્થાન) ગયા. દીપચંદભાઇ ત્યાં શ્રી વર્ધમાન જૈન વિદ્યાલયના મેનેજર હતા. શ્રી શામજીભાઇએ લગભગ ૪૫ વર્ષ સુધી આ સંસ્થાની સેવા કરી. તેમણે પાલીતાણા આ વિદ્યાલયની બ્રાંચ ઓફીસ ખોલીને ત્રીશેક વર્ષ સુધી વસવાટ કર્યો અને પાલીતાણાને જાણે પોતાનું વતન બનાવી દીધું.

પાલીતાણામાં રહીને તેમણે આ સંસ્થા સિવાયની અન્ય સંસ્થાઓની (ગુરૂકુળ, બાલાશ્રમ, બ્રહ્મચર્યાશ્રમ ઇત્યાદિ) પણ અનન્ય સેવા બજાવી. આસપાસના પ્રદેશોમાં પ્રવાસ કરીને તેમણે અનેક સભાઓને બુલંદ અવાજથી ગજવી છે. તેમના આ બુલંદ અવાજના પડઘા વાતવરણમા પડ્યા કરે છે. અસરકારક ભાષણના પ્રતિઘોષરૂપે શ્રોતાજનો તેમને તાળીઓના ગડગડાટથી નવાજે છે. અકિંચનોને મદદ કરવા–કરાવવામાં તેમનો બહુ મોટો ફાળો છે. તેમની સુવાસ ત્યાંના વાતાવરણમાં પ્રસરેલી છે અને કાયમ પ્રસરેલી રહેશે.

ખૂબીની વાત કહો કે યોગાનુયોગ કહો, પરંતુ તેઓનો સ્વર્ગવાસ પોષ શુદ ૧૪ને સોમવાર તા. ૨૩–૧–૭૮ના રોજ ઓસિયાં તીર્થમાં જ થયો. પ. પૂ. મુનીરાજ શ્રી ભુવનવિજયજી મ. સા.ને વંદન કરવા તેઓ તીવરી, ખેતાસર થઈને ઓસિયાં (રાજસ્થાન) ગયા હતા.

તોંતેર વર્ષની પાકટ વય છતાં તેમનો ઉત્સાહ, તમન્ના અને કાર્યશક્તિ યુવાનને શરમાવે તેવા હતાં.

જે દિવસે તેમનો સ્વર્ગવાસ થયો તે દિવસે સવારે તેમણે નાહિ ધોઇને ઉલ્લાસપૂર્વક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તીર્થંકર ભગવાનની પૂજાસેવા કરી. પૂ. ગુરુમહારાજના વ્યાખ્યાનમાં સૌના આગ્રહને માન આપી, જોરદાર ભાષણ આપ્યું અને શ્રોતાજનોને મંત્રમુગ્ધ કર્યા.

ચૌદશ હોઈ એકાસણું કરીને બપોરે પૂજા, બુલંદ અવાજે અને રાગરાગિણીથી ભાવ પૂર્વક ભણાવી. છાતીમાં દુઃખાવો શરૂ થવાથી પખ્ખીપ્રતિક્રમણ તેઓ કરી શકયા નહિ. પરંતુ બાજુના રૂમમાં સૂતા સૂતા તેમણે તે સાંભળ્યું અને નવકાર મંત્રનું રટણ ચાલુ રાખ્યું. પ્રતિક્રમણ પત્યા પછી પ. પૂ. ભુવનવિજયજી મ. સાહેબે તેમને માંગલિક સંભળાવ્યું, જે તેમણે ધ્યાનપૂર્વક સાંભળ્યું. ડૉકટર અને દવા માટે દોડાદોડી કરવા લાગ્યા ત્યારે તેમણે કહ્યું કે મારો દેહ પડી જાય તો પરવા નહિ પરંતુ દવા કે પાણી પાઇને મારા વ્રતનો ભંગ ન કરાવશો.

કેટલું જબ્બર તેમનું મનોબળ અને આત્મબળ? રાત્રે લગભગ સાડા નવ વાગે તેમણે નવકાર મંત્રનું રટણ કરતાં કરતાં દેહ છોડ્યો તેમનો જીવ તાળવામાંથી ગયો તેથી અવશ્ય-મેવ ઉર્ધ્વગતિમાં ગયો હશે.

મરતી વેળાએ તેમણે સઘળું વોસિરે વોસિરે કરી દીધું હતું. સંસારની કોઇ પણ વસ્તુ કે કુટુંબીજનોમાં તેમણે મોહ રાખ્યો નહોતો. તેમને મૃત્યુનો ડર લાગ્યો નહિ એટલે તેમનું સમાધિ મરણ થયું ગણાય. ખરેખર તો શામજીભાઈના કિસ્સામાં મૃત્યુ જ મરી ગયું છે. તેમનો આત્મા અમર છે અને તેમની સુવાસ સર્વત્ર પ્રસરેલી છે અને રહેશે.

પૂજ્ય મહારાજ સાહેબ શ્રી ભુવનવિજયજી મહારાજ સાહેબે આશરે અડધા કલાક સુધી ગુણાનુવાદ કર્યો અને કહ્યું કે શામજીભાઇનું મૃત્યુ એ ઉત્તમ મરણ છે. તેથી શોક ન મનાવતા તેને ઉત્સવ ગણવો જોઇએ.

શ્રી વર્ધમાન જૈન વિદ્યાલયના સંચાલકો, ગામના અને પરગામથી પધારેલા પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થોએ રાત્રે જ ગુણાનુવાદ સભા યોજી હતી, અને શામજીભાઇને અનુપમ શ્રદ્ધાંજલી અર્પી હતી.

તેમના કુટુંબીજનોને આ આપત્તિ જીરવવાની શક્તિ આપે અને સદ્‌ગતના આત્માને પરલોકમાં પરમ શાંતિ પ્રાપ્ત થાઓ તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના છે.

# સ્વર્ગવાસ નોંધ

(૧) માંગરોળ નિવાસી શ્રી તુળશીદાસ જગજીવનદાસભાઇ સવાઇ તા. ૨૮-૧-૭૮ શનિવાર સં. ૨૦૩૪ના પોષ વદ ૪ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તે જાણી અમો ઘણા જ દીલગીર થયા છીએ. તેઓશ્રી ઘણા જ ધાર્મીક લાગણીવાળા તેમજ ખુબ મળતાવડા સ્વભાવના હતા. તેઓશ્રી ઘણી જાહેર સંસ્થાઓમાં રસ લેતા હતા. આપણી સભાના પ્રકાશન શ્રી દ્વાદસાર નયચક્ર ભા. બીજાના ઉદ્‌ઘાટન પ્રસંગે તેઓશ્રી અતિથીવિશેષ તરીકે રહ્યા હતા. તેઓ આ સભાના માનવંતા પેટ્રન હતા. પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

(૨) અમદાવાદવાળા શ્રી મણીલાલ મોહનલાલ શાહ (ઉ. વ. ૭૬) સં. ૨૦૩૪ના કારતક સુદ ૪ને સોમવાર તા. ૧૪-૧૧-૭૭ના રોજ અમદાવાદ મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તે જાણી અમો ઘણા જ દીલગીર થયા છીએ. તેઓશ્રી ઘણા જ ધાર્મિક લાગણીવાળા તેમજ ખુબ મળતાવડા સ્વભાવવાળા હતા. અને તેઓશ્રીનો ધાર્મિક અભ્યાસ પણ ઘણો જ હતો. તેઓ આ સભાના આજીવન સભ્ય હતા. પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમાચાર સંચય

## પાલિતાણા મુકામે જૈનોની જાહેર શોક સભા

'શ્રી સામાયિક-મંડળ'નાં સભ્ય અને ધર્મનિષ્ઠ સેવાભાવી કાર્યકર શ્રી શામજીભાઈ ભાઈચંદ શેઠનાં ઓશીયા મુકામે અચાનક થયેલ અવસાન અંગે દિલસોજી વ્યક્ત કરવા અને શ્રદ્ધાંજલિ અર્પવા 'શ્રી સિદ્ધક્ષેત્ર સામાયિક મંડળ' પાલિતાણાનાં ઉપક્રમે પાલિતાણાનાં જૈન નાગરિકોની એક જાહેર શોક સભા 'ભાવસાર જૈન ધર્મશાળા'માં મંડળની ઓફીસે જાણીતા અગ્રગણ્ય કાર્યકર ડૉ. ભાઈલાલ એમ. બાવીશીનાં પ્રમુખસ્થાને મળી હતી.

સ્વ. શ્રી શામજીભાઈનાં ધર્મપ્રેમ, સેવાભાવ, ઉદારતા અને મિલનસાર સ્વભાવ આદિ ગુણો અંગે શ્રી સોમચંદ ડી. શાહ, પં. કપુરચંદજી વારૈયા, શ્રી માણેકલાલ બગડીયા, શ્રી પોપટલાલ કેશવજી, શ્રી કાન્તિભાઈ ફોટોગ્રાફર આદિએ મનનીય વક્તવ્યો કરી શ્રદ્ધાંજલિ અર્પી હતી. પ્રમુખસ્થાનેથી બોલતા ડૉ. ભાઈલાલભાઈ બાવીશીએ ગદ્‌ગદ્‌પણે અને લાગણીશીલ બની સ્વર્ગસ્થનાં જીવન અને કાર્ય અંગે સુંદર પરિચય આપી, કેટલાંક પ્રસંગો વર્ણવ્યાં હતાં, પછી શ્રી સાકરભાઈ ભાવસારે શોકદર્શક ઠરાવ રજુ કર્યો હતો, જે ત્રણ નવકારપૂર્વક પ્રાર્થના કરી પસાર કર્યો હતો.

### શોક ઠરાવ

ધર્મનિષ્ઠ સેવાભાવી સૌજન્યશીલ ભાઈશ્રી શામજીભાઈ ભાઈચંદ માસ્તરનાં ઓશીયા મુકામે અચાનક થયેલ અવસાન અંગે મળેલી આ સભા તેઓનાં અવસાન અંગે દિલસોજી વ્યક્ત કરે છે. સદ્‌ગતનાં ધર્મપ્રેમ, સેવા અને મમતા આદિ સદ્‌ગુણોની ભૂરી ભૂરી અનુમોદના વ્યક્ત કરે છે. તેઓશ્રી સામાયિક મંડળનાં સક્રિય કાર્યકર હતાં. સામાયિક મંડળનાં સામાયિક, સ્નાત્ર પૂજા તથા યાત્રાદિકનાં પ્રસંગોમાં તન-મન-ધનથી તેઓ સારી રીતે સેવા આપતાં હતાં. તેઓનાં અવસાનથી સામાયિક મંડળે એક અગ્રગણ્ય કાર્યકર ગુમાવેલ છે. તેઓશ્રીનાં અવસાનથી તેઓનાં કુટુંબ ઉપર આવી પડેલ આપત્તિમાં આ સભા સમવેદના વ્યક્ત કરે છે. શાસનદેવ તેઓનાં પુનિત આત્માને ચિરશાંતિ અર્પો.

---

આપણી સભાના માનવંતા ખજાનચી અને ભાવનગર શહેરના અગ્રણ્ય નાગરીક તેમજ જાણીતા ઉદ્યોગપતી શેઠ શ્રી રમણુલાલ અમૃતલાલ શેઠનું તા. ૧૪-૨-૭૮ ને મંગળવાર ના રોજ અચાનક દુઃખદ અવસાન થયેલ છે. તે જાણી અમો ઘણા જ દીલગીર થયા છીએ. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

---

તંત્રી : શ્રી ગુલાબચંદ લલુભાઈ શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ સાધના મુદ્રણાલય, દાણાપીઠ : ભાવનગર

For Private And Personal Use Only